**આજનો સુવિચાર**

ચિંતા દરેક પ્રકારની સુંદરતા અને સ્વાસ્થ્યની શત્રુ છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૦૯ જૂનાગઢ તા.૨૫-૪-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 109, Junagadh : Date : 25 April, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# ભારત સામે યુધ્ધ કરવાની પાકિસ્તાનની ક્ષમતા નથી : પુર્વ આર્મી ચીફ બાજવા

લંડન તા. ૨૫ : પાકિસ્તાની સેનાનો ભારતીય સેના સાથે કોઈ મુકાબલો નથી. કારણ કે પાકિસ્તાન દારૂગોળાની અછતનો સામનો કરી રહ્યુંછે અને આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. પાકિસ્તાનના પૂર્વ સેના અધ્યક્ષ કમર જાવેદ બાજવાએ પાકિસ્તાનના બે વરિષ્ઠ પત્રકારોને આ વાત કહી હતી. હવે જયારે બાજવા નિવૃત્ત થયા છે ત્યારે આ વાત જગજાહેર થઈ ગઈ છે. બ્રિટનમાંપાકિસ્તાની મીડિયા UK 44 દ્વારા આ વાત જાહેર કરવામાં આવી છે.

પાકિસ્તાની પત્રકાર હામિદ મીરે મોટો ખુલાસો કર્યો છે. તેમણે કહ્યું કે પાકિસ્તાની સેના ભારત સાથે લડવા માટે સક્ષમ નથી. તેણે પૂર્વ આર્મીચીફ જનરલ જાવેદ બાજવાને ટાંકીને આ મોટો ખુલાસો કર્યો છે. બ્રિટન સ્થિત પાકિસ્તાની મીડિયા UK 44 ને આપેલા ઈન્ટરવ્યુમાં પાકિસ્તાની પત્રકાર હામિદ મીરે ખુલાસો કર્યો હતો કે, 'આર્મી ચીફ બાજવાએ કહ્યું હતુ કે અમે ભારત સામેલડી શકીએ નહીં. ભારતસામે લડવા માટે પાકિસ્તાન પાસે દારૂગોળો અને આર્થિક શકિતનો અભાવ છે.'

એક વીડિયોમાં હામિદ મીરે બાજવા પર 'કાશ્મીર વેચવાનો' આરોપ લગાવ્યો હતો. મીરને એક વીડિયોમાંએવોદાવો ક્રતા સાંભળી શકાય છે કે બાજવાએ ભારત-પાકિસ્તાન નિયંત્રણ રેખા પર યુદ્ધવિરામની સાથે કાશ્મીર પર સોદો કર્યો હતો. પરંતુ ઈમરાનને તેની સાથે કોઈ લેવાદેવા ન હતી. તેમણે કહ્યું, 'કાશ્મીર પર કમરજાવેદ બાજવા ડીલ હજુ સુધી પાકિસ્તાની નાગરિકોને જાહેર કરવામાં આવી નથી.'

## ભારે હિમવર્ષા વચ્ચે યાત્રાધામ કેદારનાથનાં કપાટ ખુલ્યા : યાત્રાળુઓને ભારે મુશ્કેલી



દહેરાદૂન તા. ૨૫

ભારતમાં સૌથી વધુ મહત્વ ધરાવતી ચારધામ યાત્રાને વધુને વધુ સુરક્ષિત બનાવવા માટે તૈયારી થઈ ગઈ છે. આજથી બાબા કેદારનાથ ધામનાકપાટખુલી ગયાછે. ગઈકાલે ભારે વરસાદ વચ્ચે પંચમુખી ડોલી કેદારનાથ પહોંચી હતી અને કેદારનાથ બાબાના મંદિરને ૨૦ કિવન્ટલ ફુલોથી શણગારવામાં આવ્યું હતું જયારે હવે આગામી ૬ માસ સુધી ચારધામ યાત્રાનો પ્રારંભ થશે.

મંદિરમાં બાબા પંચમુખીની મૂર્તિ મંદિરમાં બિરાજમાન થઈ છે. યાત્રીઓના ધસારાથી હવે તા.૩૦ એપ્રિલ સુધી રજીસ્ટ્રેશન કાઉન્ટર બંધ રહેશે અને પ્રથમ વખત ૧-૧ કલાકના સ્લોટમાં દર્શનાર્થીઓને ટોકન અપાવ્યા છે પણ આજે કેદારધામના ક્પાટ ખુલે તે પુર્વેજ આ ક્ષેત્રમાં ભારે હિમવર્ષા પણ થઈ છે અને ખરાબ હવામાનથી યાત્રા માર્ગમાં અનેક વિઘ્નો સર્જાશે તેવો ભય છે.

સમગ્ર કેદારધામ અને યાત્રામાર્ગ પર બરફ છવાઈ ગયો છે. છેલ્લા ત્રણ દિવસથી અહી ભારે હિમવર્ષા ચાલુ છે. આ ક્ષેત્રમાં હિમપ્રપાતથી યલ્લો વોર્નિંગ જાહેર કરી છે. સમગ્ર ચમોલી જીલ્લા ઉપરાંત રૂદ્રપ્રયાગ સહિત ઉતરાખંડમાં હવામાન ખરાબ રહેવાની ધારણા છે અને સમગ્ર રૂટને 'સાવચેતી' સાથે પસાર કરવા ચેતવણી આપવામાં આવી છે.

જો કે સ્ટેટ ડિઝાસ્ટર રીસ્પોન્સ ફોર્મ તથા જીલ્લા તંત્ર સહિતની એજન્સીઓ કેટલાક 'ખતરનાક' પોઈન્ટ નકકી કરી ત્યાં વધારાની સુરક્ષા વ્યવસ્થા કરાઈ છે તથા માર્ગ પર એક સાથે એકજ વ્યક્તિને પસાર થવા દેવામાં આવે છે. કેદારનાથમાં રાત્રીનું તાપમાન ઘટીને માઈનસ ચાર ડિગ્રી સેલ્સીયસ નોંધાયું છે. જેના કારણે કાતિલ ઠંડીનો પણ અનુભવ થઈ રહ્યો છે અને રોજબરોજની સ્થિતિ બાદ યાત્રાને આગળ ધપવા અંગે મંજુરી અપાઈ છે.

## યુપી સહિત અનેક રાજયોમાં એક સાથે ૧૭ સ્થળે એનઆઈએનાં દરોડા

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૫ : પ્રતિબંધિત સંગઠન પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડીયા વિરૂદ્ધ નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીની કાર્યવાહી યથાવત છે. NIAએ દેશભરમાં PFIના ઠેકાણાઓ પરફરી દરોડા પાડ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે, દેશભરમાં કુલ ૧૭ જગ્યાઓ પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. જાણકારી અનુસાર NIAના અધિકારીઓ ઉત્તર પ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશમાં સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે સપ્ટેમ્બરમાં કેન્દ્ર સરકારે એક નોટિફિકેશન બહાર પાડીને PFI પર પાંચ વર્ષ માટે પ્રતિબંધ લગાવી દીધો હતો. ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે, PFI અને તેની આનુષંગિક સંસ્થાઓ ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક અને સીરિયા જેવા આંતરરાષ્ટ્રીય આતંકવાદી સંગઠનો સાથે સંબંધિત છે. એટલું જ નહીં આ સંગઠન દેશમાં એક ખાસ સમુદાયમાં કટ્ટરપંથને પ્રોત્સાહન આપી રહ્યું છે. ઉપરાંત PFI અને તેની કેડર વારંવાર દેશમાં હિંસક અને આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનું જાણવા મળ્યું છે.

## પાકિસ્તાનમાં ફિદાઈન હુમલામાં ૧૨ પોલીસકર્મીનાં મોત

ઈસ્લામાબાદ તા. ૨૫

પાકિસ્તાનના સ્વાત જિલ્લાના કબાલ શહેરમાં ગતરાત્રે કાઉન્ટર ટેરરિઝમ વિભાગના પોલીસ સ્ટેશન પર ફિદાયીન હુમલો થયો હતો. પોલીસ સ્ટેશનમાં બે વિસ્ફોટ થયા હતા, જેના કારણે આગ ફાટી નીકળી હતી. આ હુમલામાં ૧૨ પોલીસ જવાનનાં મોત થયાં છે, જ્યારે ૪૦ લોકો ઘાયલ થયા છે. ઈજાગ્રસ્ત લોકોને યોગ્ય સારવાર આપવા માટે નજીકની તમામ હોસ્પિટલોમાં ઈમર્જન્સી જાહેર ક્રવામાં આવી છે. હુમલા બાદ ખૈબર પખ્તુનખ્વામાં હાઈ એલર્ટ છે. ઘટનાસ્થળે હાજર લોકોએ જણાવ્યું હતું કે વિસ્ફોટોમાં પોલીસ સ્ટેશનની છત ધરાશાયી થઈ હતી, જેના કારણે ઘણા લોકો કાટમાળ નીચે દટાઈ ગયા હતા.

પાક.નાં અધિકૃત સુત્રોએ તેને આતંકવાદી હુમલો ગણાવ્યો છે. તેમણે કહ્યું હતુ કે બ્લાસ્ટને કારણે ત્રણ ઈમારત ધરાશાયી થઈ ગઈ છે. વિસ્ફોટ બાદ તરત જ પોલીસ સ્ટેશનમાં આગ લાગી હતી, જેમાં પોલીસકર્મીઓ દાઝી ગયા હતા. પાકિસ્તાની સેના છેલ્લા કેટલાક દિવસોથી આ વિસ્તારમાં આતંકીઓ વિરુદ્ધ ઓપરેશન ચલાવી રહી છે. જોકે અન્ય એક અધિકારી ખાલિદ સોહેલનું કહેવું છે કે પોલીસ સ્ટેશન પર કોઈ ફિદાયીન હુમલો થયો નથી, પરંતુ વિસ્ફોટ એ જગ્યાએ થયો હતો, જ્યાં સ્ટેશનના સ્ટોર રૂમમાં હથિયારો અને દારૂગોળો રાખવામાં આવ્યો હતો. તેમને શંકા છે કે આ કોઈની બેદરકારીને કારણે થયું હોઈ શકે છે.

## કેન્દ્રીય કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું ૪૬ ટકા થઈ જશે

નવી દિલ્હી તા. ૨૫ : કેન્દ્ર સરકાર આગામી કેટલાક મહિનામાં ફરી એકવાર કેન્દ્રીય કર્મચારીઓ માટે મોટા સમાચાર આપી શકે છે. સરકારે તાજેતરમાં કર્મચારીઓ અને પેન્શનરોના DA/DRમાં ચાર ટકાનો વધારો કર્યો હતો. હવે એવા સમાચાર છે કે સરકાર આ વર્ષના બીજા ૬ મહિનામાં પણ ડીએમાં ચાર ટકાનો વધારો કરી શકે છે. સરકારે જાન્યુઆરીથી જુલાઈ ૨૦૨૩ના પ્રથમ ૬ મહિનામાં ડીએ અને ડીઆરમાં ચાર ટકાનો વધારો કર્યો હતો. કર્મચારીઓને આશા છે કે સરકાર જુલાઈમાં ડીએમાં ચાર ટકાનો વધારો કરી શકે છે. જો ચાર ટકાનો વધારો થશે તો કેન્દ્રીય કર્મચારીઓનો ડીએ ૪૨ ટકાથી વધીને ૪૬ ટકા થઈ જશે.

શ્રમ બ્યુરો, શ્રમ અને રોજગાર મંત્રાલયનો ભાગ છે, અખિલ ભારતીય CPI-IWના ડેટા અનુસાર કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થાને નિશ્ચિત કરે છે. કર્મચારીઓ અને પેન્શનરોને હાલમાં ૪૨ ટકાના દરે ડીએ મળે છે. કર્મચારીઓને તેમના મૂળ પગારના આધારે મોંઘવારી ભથ્થું મળે છે. તેની ગણતરી ૭મા પગાર પંચના પે મેટ્રિક્સનો ઉપયોગ કરીને કરવામાં આવે છે.

## મહિલા કુસ્તીબાજોની અરજી પર સુપ્રિમ કોર્ટમાં સુનાવણી એફઆઈઆર નોંધવા દિલ્હી પોલીસને નોટીસ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૫

દિલ્હીના જંતર-મંતર ખાતે મહિલા કુસ્તીબાજોનો ધરણા આજે ત્રીજા દિવસે પણ ચાલુ રહ્યાં છે. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે ૭ મહિલા કુસ્તીબાજોની અરજી પર સુનાવણી કરવા સંમતિ દર્શાવી છે. કોર્ટે કહ્યું કે કુસ્તીબાજોએ અરજીમાં જાતીય સતામણીનો ગંભીર આરોપ લગાવ્યો છે. તેને ધ્યાનમાં લેવાની જરૂર છે. હવે આ મામલે શુક્રવારે સુનાવણી થશે.

ચીફ જસ્ટીસ ચંદ્રચુડે પણ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ અને બીજેપી સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહ વિરુદ્ધ FIR નહી નોંધવા બદલ દિલ્હી પોલીસને નોટિસ પાઠવી છે. વધુમાં, સુપ્રીમ કોર્ટે ૭ મહિલા ફરિયાદીઓના નામ ન્યાયિક રેકોર્ડમાંથી હટાવવાનું કહ્યું, જેથી તેમની ઓળખ જાહેર ન થાય. ૭ મહિલા કુસ્તીબાજોએ સોમવારે ભાજપના સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહ વિરુદ્ધ એફઆઈઆર નોંધવા માટે અરજી કરી હતી.

## આવતીકાલથી રાજયમાં પુર્ન માવઠાની આગાહી

અમદાવાદ તા. ૨૫

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ગત માર્ચ માસથી સતત અસ્થિર વાતાવરણ રહેવા પામ્યું છે અને આ ક્રમ હજુ પણ જળવાઈ રહ્યો છે. ગરમીની સાથોસાથ વારંવાર માવઠા થઈ રહ્યા છે. ગઈકાલે જ હવામાન વિભાગે ગરમી વધવાની આગાહી ક્રી હતી. અને આ ગરમીનું જોર હજુ આવતીકાલ સુધી જળવાઈ રહેશે. જોકે ફરી તા.૨૭ અને ૨૮નાં રોજ વાતાવરણ પલ્ટો આવવાની આગાહી કરાઈછે અને સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતનાં કેટલાક ભાગોમાં ગાજવીજ અને તોફાની પવન સાથે હળવોથી મધ્યમ વરસાદ પડવાની આગાહી રાજય હવામાન વિભાગે કરી છે.

## રાજકોટમાં જીરૂનાં ટોચનાં બ્રોકરની ઓફીસમાં સીઆઈડી ક્રાઈમનાં દરોડા

રાજકોટ તા. ૨૫

શેરબજારની જેમ કોમોડીટી માર્કેટ કેટલાંક વખતથી આસમાની ઉંચાઈને આંબી રહ્યું છે તેવા સમયે રાજકોટનાં ટોચના કોમોડીટી બ્રોકર પર સરકારી એજન્સીએ દરોડા પાડતાં સનસનાટી મચી જવા પામી છે. કોમોડીટી બ્રોકરનો લેપટોપ સહીતનાં દસ્તાવેજો કબ્જે લેવામાં આવ્યા છે. કયા કારણોસર દરોડા પાડવામાં આવ્યા તે વિશે એજન્સી ચુપકીદી સેવી રહી છે.

માહિતગાર સુત્રોએ જણાવ્યું હતુ કે, રાજકોટમાં ૧૫૦ ફૂટ રીંગરોડ પર ટાઈમ સ્કવેરના સાતમા માળે ક્રિષ્ના એગ્રો નામે ઓફીસ ધરાવતાં ભરત દાસાણી નામનાં કોમોડીટી બ્રોકર પર દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગઈકાલે સાંજે કાર્યવાહી શરૂ થઈ હતી અને તેની વાત ફેલાતાની સાથે જ સમગ્ર કોમોડીટી વ્યવસાયીઓમાં ફફડાટ સર્જાયો હતો અને તેમની સાથે કનેકશન ધરાવતા બ્રોકરો-વેપારીઓએ ફોન સ્વીચ ઓફ કરી નાખ્યા હતા. સૂત્રોના કહેવા પ્રમાણે ક્રિષ્ના એગ્રો મુખ્યત્વે ખેતપેદાશ જીરૂમાં મોટુ નામ ધરાવે છે. આ વર્ષે જીરૂમાં અભૂતપૂર્વ ઉંચાભાવ થયા હતા અને જીરૂના વેપારમાં આ પેઢીનો જ સિકકો વાગવા માંડયો હતો. જીરૂના ઉંચા ભાવ સટ્ટાખોરીને કારણે થયા હતા કે કેમ ? તે વિશે પણ માર્કેટમાં ચર્ચા થઈ રહી છે.

## રૂા. ૫૦૦ કરોડનાં હેરોઈનનાં કેસમાં ગુજરાત એટીએસ દ્વારા ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈને નલીયા કોર્ટમાં રજુ કરાયો : રીમાન્ડની માંગણી



(અમદાવાદ બ્યુરો) અમદાવાદ તા.૨૫

સુપ્રસિદ્ધ ગાયક સિદ્ધુ મુસેવાલાની હત્યા ઉપરાંત સલમાન ખાનને જાનથી મારી નાખવાની ધમકી તેમજ ડ્રગ્સ-દારૂ-હથિયારોની હેરાફેરી સહિતના અસંખ્ય ગુનાઓમાં સંડોવાઈ ચૂકેલા ખૂંખાર ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈને આજે જડબેસલાક સુરક્ષા વચ્ચે નલિયા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે. એકાદ વર્ષ પહેલાં કચ્છમાંથી ૫૦૦ કરોડ રૂપિયાની કિંમતનું ૩૯ કિલો હેરોઈન મળી આવ્યું હતું જેને લાવનારા પાંચ જેટલા પાકિસ્તાની શખ્સો પકડાયા હતા. આ લોકો સાથે લોરેન્સ બિશ્નોઈનું કનેકશન ખુલ્યું હોવાથી એટીએસ દ્વારા તેની પૂછપરછ કરવા માટે નલિયા કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડ માંગવામાં આવ્યા છે.

લોરેન્સ બિશ્નોઈ પટિયાલા હાઉસમાં કેદ હતો જ્યાંથી ગુજરાત એટીએસે તેની કસ્ટડી મેળવી લીધી છે. તેને દિલ્હીથી અમદાવાદ પ્લેન મારફતે લાવવામાં આવ્યો હતો જ્યારે અમદાવાદથી નલિયા સુધી તેને બાય રોડ લવાયો હતો. જો કે નલિયા લાવતી વખતે કોઈ દૂર્ઘટના ન બને કે કોઈ પ્રકારનો હુમલો ન થાય તે માટે એટીએસ એસપી, ડીવાયએસપી સહિતના અધિકારીઓ બંદોબસ્તમાં જોડાયા છે. એટીએસનો મોટો કાફલો બિશ્નોઈને લઈને નલિયા કોર્ટમાં પહોંચ્યો હતો. નલિયા કોર્ટમાં રજૂ કરાયા બાદ એટીએસ દ્વારા તેના રિમાન્ડની માંગણી કરવામાં આવી છે.

## ચાંદીનો ભાવ એક વર્ષમાં રૂા.૧ લાખ થઈ જવાની વકી

મુંબઈ તા. ૨૫ : ચાલુ વર્ષે સોનાની સાથે ચાંદીએ પણ પોતાની ચમક ફેલાવી છે. બંને ધાતુમાં આ વર્ષે ૧૦ ટકાથી વધુનો વધારો જોવા મળ્યો છે અને જો છેલ્લા એક વર્ષની વાત કરીએ તો ૨૦ ટકાનું વળતર જોવા મળ્યું છે. હવે સવાલ આગામી એક વર્ષનો છે. તેમાં પણ સોનું તમને વધુ વળતર આપશે કે ચાંદી ? સાથે જ આગામી એક વર્ષમાં ચાંદી કયા સ્તરે પહોંચી શકે છે ? નિષ્ણાંતોના મતે આગામી એક વર્ષમાં સોનું નહીં, ચાંદી રોકાણકારોને 'સિલ્વર' બનાવી શકે છે.

આગામી ૧૨ મહિનામાં ચાંદીની કિંમત એક લાખના સ્તરને પાર કરી શકે છે. તેનો અર્થ એ છે કે ચાંદી આગામી એક વર્ષમાં વર્તમાન સ્તરથી ૩૩ થી ૩૫ ટકા વળતર આપી શકે છે, જયારે સોનામાં આગામી એક વર્ષમાં ૧૩ થી ૧૫ ટકા વળતર મળવાની ધારણા છે.


લોન... લોન... લોન...

ગૃહિણી (લેડીસ) ને જો ઘરનું મકાન હોય તો ૨૫૦૦૦ સુધી ની લોન મળશે લોન લેવા માટે ૧૯ વર્ષ હોવા જરૂરી છે

લોન લેનાર દરેક વ્યક્તિને સેમસંગનો મોબાઈલ ફ્રી આપવામાં આવશે

મો. ૮૧૫૫૮૮૩૯૩૮

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક

NIT® ટેકનીકલ કોલેજ

સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં શિક્ષણ
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી વધુ નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ

⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ કિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો

Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com








C M Y K

# કોડીનારના ઘાંટવડ ગામમાં માનવ ભક્ષી દીપડાનાં ત્રાસનાં લીધે શિંગોડા નદીની સાઈડમાં સફાઈ કરાઈ

## શિંગોડા નદીની સાઈડમાં વર્ષોથી જંગલી જાનવરો ઘર સમાન ગાંડા બાવળને પંચાયત દ્વારા દૂર કરાયા

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૫

કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામમાં બેદીવસ પહેલા દરબાર સમાજની મહિલા કૈલાશબા અભેસિંહભાઈ મકવાણા નામની મહિલા ઉપર માનવભક્ષી દીપડાએ જીવલેણ હુમલો કરી મોતનેઘાટ ઉતારી દેવામાં આવતા અને થોડા મહિના પેહલા પણ માનવભક્ષી દીપડાએ ચકદડની સીમમાં મહિલા ઉપર હુમલો કરી તેનું પણ મોત નીપજાવતા એક જ ગામની બે મહિલાઓને શિકાર બનાવનાર માનવભક્ષી દિપડના ત્રાસથી ઘાંટવડ ગામના લોકોમાં ભારે ભયનોમાહોલ ફેલાયો હોય અનેઆ જંગલી જાનવરો શિંગોડા નદીકાંઠેઆવેલ ગાંડાબાવળોમાં સંતાઈ જતા હોય ગાંડા બાવળો દૂર કરવા કામગીરી હાથ ધરાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગત રાત્રિના આ વિસ્તારમાં દીપડો નજરે પડતા તેને પકડવા જતા દીપડો શિંગોડા નદીના કાંઠે આવેલા ગાંડા બાવળોની જાળીમાં ઘૂસી જતા દીપડો પાંજરે પુરાયો ન હોય ત્યારે ઘાંટવડ ગામની શિંગોડા નદી કાંઠે ગાંડા બાવળઅનેઅન્ય વૃક્ષો જે વર્ષોથી જંગલી જાનવરોનાં ઘર બનીને બેઠયા હતા તે આજરોજ ગ્રામ પંચાયત દ્વારા સાફ સફાઈ અભિયાનની કામગીરી શરૂ કરવામાં બાવળો દૂર કરાયા હતા. ગાંડા બાવળ દૂર કરવામાં અને દિપડાને પકડી પાડવા માટે વન વિભાગ,પશુ ડોકટરો અને ગ્રામ પંચાયતના સરપંચ અને ગામનાં લોકો દ્વારા રાત્રે બે વાગ્યા સુધી ભારે જહેમત ઊઠાવવામાં હતી.



# જૂનાગઢમાં કલેકટર અનિલકુમાર રાણાવાસિયાની અધ્યક્ષતામાં સ્વાગત સપ્તાહ કાર્યક્રમ યોજાયો

## જૂનાગઢ તાલુકા (ગ્રામ્ય) કક્ષાના કાર્યક્રમમાં પ્રજાકીય ૧૨ પ્રશ્નોનું સકારાત્મક નિરાકરણ





જૂનાગઢ, તા.૨૫

પ્રજાકીયપ્રશ્નોના ઉકેલ માટે તત્કાલીનમુખ્યમંત્રી અનેહાલના વડાપ્રધાનનરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલા સ્વાગત કાર્યક્રમના ૨૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે જૂનાગઢ તાલુકા (ગ્રામ્ય) કક્ષાનો સ્વાગત સપ્તાહ કાર્યક્રમ કલેકટર અનિલ કુમાર રાણાવસિયા અધ્યક્ષતામાં યોજાયો હતો. જૂનાગઢ તાલુકા સેવા સદન ખાતે આયોજિત આ કાર્યક્રમમાં કલેક્ટરે અરજદારોના પ્રશ્નો સાંભળ્યા હતા. અરજદારો તરફથી રજૂ થયેલા ૧૨ પ્રશ્નોનું સ્થળ ઉપર જ સકારાત્મક નિરાકરણ થયું હતું. બાકી રહેલ બે પ્રશ્નોને ઉકેલવા માટે જરૂરી માર્ગદર્શન અને નિર્દેશ આપ્યા હતા. આ કાર્યક્રમમાં જન પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ માટે જુદા જુદા વિભાગના ૧૮ જેટલા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે કલેક્ટર અનિલકુમાર રાણાવસીયાએ જણાવ્યું કે, સ્વાગત કાર્યક્રમના ૨૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે સ્વાગત સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે જૂનાગઢ તાલુકાના (ગ્રામ્ય) સ્વાગત કાર્યક્રમમાં રજૂ થયેલા થયેલા ૧૪ પૈકી ૧૨ પ્રશ્નોનું હકારાત્મક ઉકેલ લાવવામાં આવ્યો છે. અન્ય બે પ્રશ્નોનું સ્થળ ઉપર વિઝીટ કરીને તેનું નિરાકરણ કરવામાં આવશે. તેમ જણાવતા તેમણે કહ્યું કે,રાજ્ય સરકારના પ્રજાભિમુખ વહીવટના ભાગરૂપે પ્રજાકીય પ્રશ્નો ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ગ્રામ્ય કક્ષાએ રજૂ થયેલા પ્રશ્નો તાલુકા સ્વાગત કાર્યક્રમમાં તેવી જ રીતે જિલ્લા અને એ રાજ્ય સ્તરના સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલા મામલતદાર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી સમસ્ત સોરઠીયા પ્રજાપતિ સમાજ જૂનાગઢ સંકલિત શ્રી સો.પ્ર. સમાજ ટીંબાવાડી-મધુરમ દ્વારા યોજાયેલ ૧૨ મો સમુહ લગ્નોત્સવ

## પ્રજાપતિ સમાજના દરેક ગોળના આગેવાનો તથા સેવાકીય પ્રવૃતિઓ કરતી સંસ્થાઓના પ્રમુખ તથા કાર્યકરોનું કરાયું અદકેરૂ સન્માન





જૂનાગઢ, તા.૨૫

જૂનાગઢ શ્રી સોરઠીયા પ્રજાપતિ સમાજ ટીંબાવાડી-મધુરમના પ્રમુખ પ્રદીપભાઈ ટાંકની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, શ્રી સમસ્ત સોરઠીયા પ્રજાપતિ સમાજ જૂનાગઢ સંકલિત શ્રી સોરઠીયા પ્રજાપતિ સમાજ ટીંબાવાડી-મધુરમ દ્વારા આયોજિત ૧૨ માં સમૂહલગ્નનું ભવ્ય આયોજન તા.૨૩/૪/૨૦૨૩ ને રવિવારના સાંજના સમયે ઝાંઝરડા ચોકડી પાસે, બજરંગ (વાળી) ફાર્મ ખાતે કરવામાં આવેલ હતું. આ સમૂહ લગ્નમાં પાંચ નવ દંપતિઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. દાતાઓ દ્વારા કન્યાઓને ૫૯ જેટલી ઘર વપરાશની વસ્તુઓ આપવામાં આવી હતી. આ સમૂહ લગ્નમાં શ્રી સોરઠીયા પ્રજાપતિ જ્ઞાતિના જુદા જુદા વિસ્તારો જેવા કે, જોષીપરા શાંતેશ્વર, જોષીપરા આદર્શ નગર, ગાંધીગ્રામ, ઝાંઝરડા રોડ, પંચેશ્વર, ઈન્દિરાનગર, લીરબાઈ પરા, દોલતપરા, કડિયાવાડ, સુખનાથ ચોક, દુબડી પ્લોટ સહિતના વિસ્તારોમાંથી શ્રી સો.પ્ર.જ્ઞાતીના પ્રમુખો, ટ્રસ્ટીઓ, સભ્યો સહિત જ્ઞાતિ જનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી પોતાની સેવા આપી હતી. પ્રજાપતિ સમાજના જુદા જુદા ગોળના આગેવાનો, ડોકટરો સહિત સેવાકીય પ્રવૃત્તિ કરતી સંસ્થાના અગ્રણીઓ સહિતનાઓનુ સન્માન કરવામાં આવ્યું હતું. જૂનાગઢની જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ અને હોસ્પિટલ દ્વારા થેલેસેમિયા ગ્રસ્ત બાળકો, સગર્ભા મહિલાઓ સહિત જરૂરિયાતમંદ લોકો માટે રક્તદાનકેમ્પ યોજવામાંઆવ્યો હતો. જેમાં ૪૮ બોટલ રક્ત એકત્રુ કરવામાં આવેલ હતું. તે રકત જૂનાગઢની સિવિલ હોસ્પિટલને અર્પણ કરવામાં આવ્યું હતું. સાથે આ સમૂહ લગ્નમાં પધારેલ તમામ જ્ઞાતીજનો સહિત મહેમાનોને ઈમરજન્સીમાં કોઈપણ પ્રકારની પ્રાથમિક સારવારની જરૂર પડે તો એમના માટે સંજયભાઈ બુહેચાની આગેવાની હેઠળ "પ્રાથમિક સારવાર" કેન્દ્ર પણ રાખવામાં આવેલ હતું. જેમનો પણ લોકોએ લાભ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન રશ્મિનભાઈ શિંગડીયા, હિરેનભાઈ ગોહેલએ કરેલ હતું. તેમ યાદી ના અંતે જણાવેલ હતું.

# ઉના: શુટીંગ વોલીબોલ ટુર્નામેન્ટમાં શાનદાર દેખાવ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૫

કિશાન ટ્રેડ લીંક-પ્રાચી ખાતે શુટિંગ વોલીબોલ ટુર્નામેન્ટ-૨૦૨૩નું તા.૨૨/૪/૨૦૨૩ના રોજ આયોજન થયેલું જેમાં સૌરાષ્ટ્રની ચોરવાડ, વેરાવળ, માંગરોળ, અજાબ, ભાવનગર, વગેરે ૧૬ જેટલી ટીમોએ ભાગ લીધેલ જેમાં ઉનાની ટીમના સભ્યો (૧) મિહિર પરમાર, (૨) ધર્મેશ દવે, (૩) જયદીપ મોદી, (૪) હિરેન સોલંકી (૫) પ્રિયાંક બાંભણિયાએ શાનદાર પ્રદર્શન કરી રનર્સઅપ થયેલ અને ઉનાનું નામ રોશન કરેલ છે.



# ડો.રામની અધ્યક્ષતામાં શૈક્ષણિક મંચ સંગોષ્ઠી-૩ સાસણ ખાતે સંપન્ન

## આવા કાર્યક્રમ શિક્ષણની નોળવેલ સમાન હોય છે : પ્રો. ચાહવાલા



જૂનાગઢ, તા.૨૫

ગુજરાતશૈક્ષણિક સાંસ્કૃતિક મંચ અવૈધિક રીતે શિક્ષણના મહાઅભિયાન માટે જાણીતી સંસ્થા બની ગઈ છે. વર્ષે બેવખત કોઈને કોઈ વિષયને કરીને કેન્દ્રિત કરીને સંગોષ્ઠી એટલે કે પરીસંવાદનુંઆયોજન કરવામાં આવે છે. તેમાં શિક્ષણક્ષેત્રના વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહેતા હોય છે આ સિવાય પણ શિક્ષણની નીતિગત રજૂઆતોમાં આ સંસ્થા અગ્રેસર ભુમિકા ભજવે છે. સંસ્થાના સંયોજનમાં તખુભાઈ સાંડસુર અને સહસંયોજકો તરીકે શામજીભાઈ દેસાઈ, ડો.મહેશભાઈ ઠાકર જીતુભાઈ જોશી, ડો.ભાવના ઠુંમર જેવા કર્મઠ શિક્ષણ સાધકો તેમાં વિશેષ સહયોગી બને છે. સંગોષ્ઠી-૩ તાજેતરમાં તારીખ ૨૨ અને ૨૩ એપ્રિલના રોજ સાસણના ગીર વન ફાર્મ ખાતે સંપન્ન થઈ ગઈ. જેમાં ગીરના દેવળીયા સફારી પાર્કની મુલાકાત અને કુરેશી બાગની મુલાકાત ખૂબ રસપ્રદ રહી. સંગોષ્ઠીના પ્રથમ દિવસે ઉદ્ઘાટન બેઠકમાં ઉપસ્થિત નાયબવન સંરક્ષક ડો. મોહન રામે જણાવ્યું કે સાસણ એ વૈવિધ્યથી ભરપુર એવું અભ્યારણ્ય છે. હું પણ હવે ઘણાં બધાં લાંબા સમય પછી આ અભ્યારણ્યઅને ગુજરાતની સાથે ગુજરાતી બની ગયો છું તેનો મને આનંદ છે. આપ સૌ સાસણમાં આવો તે મને ગમે અને અમારા વિવિધ કાર્યક્રમોમાં પણ આપ જોડાશો તેનું ઈજન આપું છું અને જ્યાં જરૂર પડે ત્યાં વન વિભાગ સહયોગી બનવા શૈક્ષણિક સંસ્થાઓને સાથે જોડાવા સંમત છે.પક્ષીવિદ્ અજીતભાઈ ભટ્ટે "ગીરની પક્ષી સૃષ્ટિ" વિષયઉપર અને રોહિતભાઈ વ્યાસે" ગમતા ગીરનું વૈવિધ્ય" વિષય ઉપર વાર્તાલાપ આપ્યાં હતાં.આ બેઠકમાં શ્રી ગફારભાઈ કુરેશી (પર્યાવરણ),શ્રી દમયંતીબા સિંધા (તબીબી સેવા),ગુલાબચદ પટેલ (સમાજસેવા)નું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.બીજા દિવસના અંતિમ સત્રમાં ગુજરાત શૈક્ષણિક મંચ દ્વારા પ્રકાશિત થયેલ" શિક્ષણના ધ્રુવ ધારકો "પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં માંગરોળ આર્ટસ કોલ કોમર્સ કોલેજના અધ્યાપક અને વિદ્વાન વકતા પ્રો. પ્રશાંતભાઈ ચાહવાલા ઉપસ્થિત હતાં. તેઓએ કહ્યું કે શિક્ષણમાં આ પ્રકારના કાર્યક્રમ સૌ શિક્ષક ભાઈ-બહેનો માટે નોળવેલ સમાન હોય છે. હતાશા નિરાશા વગેરેમાંથી બહાર આવીને ઉત્સાહ ઉમંગથી કામ કરવાં આ પ્રકારના કાર્યક્રમો આંતરિકશક્તિમાં વધારો કરેછે. આ બેઠકમાં ગુજરાતના ચાર શિક્ષકોને ગુજરાત ફોરમ શિક્ષક એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. જેમાં કચ્છના શ્રી દિપકભાઈ મોતા રાજકોટના અનુભાઈ રાતડીયા ખેડાના હિતેશભાઈ બ્રહ્મભટ્ટ અને મહેસાણાના નયનાબેન સુથારનો સમાવેશ થતો હતો. આ એવોર્ડ શિક્ષણકાર શ્રી મહેશભાઈ ઠાકરના ધર્મપત્ની સ્વ.દીપિકાબેન ઠાકરની પુણ્ય સ્મૃતિમાં તેઓના પરિવાર સહયોગથી આપવામાં આવ્યા હતાં.જેમાંરૂપિયા ૨૧૦૦ની રોકડ રાશી, પ્રશસ્તિપત્ર સાલ અને પુસ્તકથી તેમનું સન્માન કરી વિશિષ્ટ સ્થાન આપવામાં આવ્યું હતું. રસાળ ચારણી સાહિત્યમાં સંચાલનભગવતદાન ગઢવીએકર્યું હતું. આભાર દર્શન જીતુભાઈ જોશીએ કર્યું હતું. કાર્યક્રમને સફળ કરવા અનેક સાધકો સમગ્ર ગુજરાતના ૧૫ જિલ્લામાંથી મોટી સંખ્યામાં શિક્ષણ સંલગ્ન ભાઈ-બહેનો સામેલ થયા હતા.

# શહેરી વિકાસ માટેની લોક સમસ્યા નિવારણ માટે ચાવીરૂપ બનતો સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ

## ટેક્નોલોજી-સંવેદનશીલતા-માનવીય અભિગમનો અદભૂત સમન્વય : સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ ટેક્નોલોજી, સંવેદનશીલતા અને માનવીય અભિગમનો અદભૂત સમન્વય

લોકશાહી શાસન પ્રણાલીમાં પ્રજા સાથે સંવાદ જળવાઈ રહે તે મહત્વનું પાસુ છે. લોકો સાથે સંવાદ સ્થાપિત કરવા માટે વહીવટી તંત્ર અને પ્રજા વચ્ચે એક સેતુરૂપ માધ્યમ જરૂરી છે. ગુજરાતના પનોતા પુત્ર તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં ૨૪ એપ્રિલના રોજ સ્વાગત ઓનલાઈનફરિયાદ નિવારણ કાર્યક્રમના બીજ રોપ્યા. આ ફરિયાદ નિવારણ કાર્યક્રમનો હેતુ પારદર્શક પદ્ધતિથી નાગરિકોને સંતોષ થાય તે રીતે લોકોની સમશ્યાઓનું નિરાકરણ લાવવાનો છે. આપણા ઈતિહાસમાં સદીઓથી પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ લાવીને તેને વાચા આપવાનુંકામ થતું રહ્યું છે. લોક લાગણીને ઓળખવી, તેને સમજવી અને તેના ગુણદોષના આધારે તેનું નિરાકરણ લાવવું તે જ સાચું લોકશાહીનું લક્ષણ છે.

ગુજરાતમાં શરૂ થયેલા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમનો હેતુ માત્ર નાગરિકની રજૂઆતો ધ્યાને લેવાનો જ નહિં પરંતુ એથી આગળ વધીને દ્વિપક્ષીય સંવાદ સાધીને લોકોની અપેક્ષા પૂરી કરીને પરિણામલક્ષીતાનો છે. ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસની સાથે-સાથે શહેરીકરણ પણ વધ્યું છે. શહેરીકરણ વધવા સાથે શહેરી વિકાસને લગતી સમસ્યાઓ જેવી કે, પાણી, ગટર, રસ્તા, દબાણ, ગંદકી અને માળખાકીય સુવિધાઓના પ્રશ્નો સહજ રીતે હોય છે. આ પ્રશ્નોનું સામાન્ય રીતે, સ્થાનિક કક્ષાએ નિરાકરણ લાવવામાં આવતું હોય છે. પરંતુ કેટલાંક કિસ્સામાં નીતિગત નિર્ણયોઅને એકકરતાં વધુ વિભાગોની સામેલગીરીને કારણે અને સંકલન ન થઈ શકવાને કારણે ક્યારેક સ્થાનિક કક્ષાએ નિર્ણય લઈ શકાતો નથી. આવા પ્રકારના પ્રશ્નોને સ્વાગત ઓનલાઈન કાર્યક્રમમાં રજૂ કરવામાં આવે છે.

મુખ્યમંત્રી સ્વયં આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને વરિષ્ઠ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપવાની સાથે અરજદારને સંતોષ થાય તે કક્ષાએ નિર્ણય લેવાની આવશ્યક સૂચનાઓ સ્થળ ઉપર જ આપી પ્રશ્નોનો નિકાલ લાવે છે. પરિણામે જરૂરી સંકલન પણ જળવાયછે અને સમસ્યાનું યોગ્ય નિરાકરણ પણ આવે છે. વર્ષ ૨૦૦૩થી અત્યારસુધીમાં સમગ્ર રાજ્યમાંથી ૬,૦૦,૬૪૨ અરજીઓ પ્રાપ્ત થઈ હતી. જેમાંથી ૯૪.૬૭ ટકા એટલે કે, ૫,૬૮,૬૪૩ અરજીઓનો નિકાલ થયો છે. તેમાં શહેરી વિસ્તારને લગતી અરજીઓની વાત કરીએ તો, અત્યારસુધીમાં ૨૩,૫૨૬ અરજીઓ મળીહતી. જે પૈકી મોટાભાગની અરજીઓનો સંતોષકારક રીતે નિકાલ લાવવામાં આવ્યો છે.

સ્વાગત ઓનલાઈન કાર્યક્રમને સમયની સાથે નાગરિકોની હૃદયપૂર્વકની સ્વીકૃતિ મળતી ગઈ છે. છેલ્લા બે દાયકામાં, સ્વાગત કાર્યક્રમે સરકાર અને જનતા વચ્ચેના અંતરને દૂર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. સ્વાગત કાર્યક્રમ શરૂ થયા પછી ગુજરાતના સામાન્ય નાગરિકોને તેમના પ્રશ્નોનું તાત્કાલિક સમાધાન મળી રહ્યું છે. શહેરી વિસ્તારની ફરિયાદોની વાત કરવામાં આવે તો મહદઅંશે તમામપ્રશ્નોનાઉકેલ આવી ગયા છે.

અમદાવાદના આંબલી ગામનાએક ફ્લેટમાંઅમૃતલાલ આરદેશના રહે છે. તેમણે તેમના ફ્લેટની આસપાસ રહેલાંદબાણ અને તેનાથી પડતી મુશ્કેલી અંગે સ્થાનિકતંત્રને ફરિયાદ કરી. આ અંગેયોગ્ય કાર્યવાહી થતી હોવનુ ન જણાતાં તેમણે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી, જેમાં હાઈકોર્ટે પણ ગેરકાયદેસર બાંધકામ દૂરકરવા સ્થાનિક તંત્રને જણાવ્યું. પણ કોઈ કારણસર સ્થાનિક તંત્ર આ ગેરકાયદેસર બાંધકામ દૂર કરી શકાયું નહિં. તેથી અમૃતલાલે મુખ્યમંત્રી સ્વાગત ઓનલાઈન કાર્યક્રમમાં સમગ્ર કેસની વિગતો મોકલીને ન્યાયમાટે અરજ કરી. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ અંગેની વિગતો જાણી અને સંબંધિત વિભાગના સચિવ તથા ઉચ્ચ અધિકારીઓને જરૂરી સૂચના આપી. દબાણ દૂર કરવા યોગ્ય માર્ગદર્શન આપ્યું. મુખ્યમંત્રીશ્રીની સૂચના અને માર્ગદર્શન અનુંસાર દબાણ દૂર કરવામાં આવ્યું. પોતાની સમસ્યાનું સમાધાન થતાં અમૃતલાલે પત્રના માધ્યમથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો અને યોગ્ય કાર્યવાહી કરવા માટે ખુશીની લાગણી અનુભવી હતી. આવા અનેક કિસ્સાઓમાં શહેરીજનોની રજુઆતોનું ઝડપી અને સંતોષજનક નિરાકરણ આવ્યું છે.

સમસ્યા હોય ત્યાં સમાધાન અનેએનો ઉકેલ હોવો જ જોઈએ. તત્કાલિન મુખ્યમંત્રી તથા વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આરંભ કરેલા ફરિયાદ નિવારણ માટેના સ્વાગત ઓનલાઈન કાર્યક્રમની ફળશ્રૃતિ એ છે કે, નાગરિકોને તેમની રજુઆતોના નિરાકરણની વાતને પોંખતો આંતરરાષ્ટ્રીય સ્તરનો યુએનનો એવોર્ડ પ્રાપ્ત થયો છે. સુશાસનની સાચી પરિભાષા એ છે કે, જેમાં પ્રજાના કલ્યાણને કેન્દ્રમાં રાખીને યોજના બનાવવામાં આવે છે, તેનું પરિણામલક્ષી અમલીકરણ કરવામાં આવે છે. વહીવટીતંત્રની જવાબદેહિતા સુનિશ્ચિત કરવામાં આવે છે. પરિણામે નાગરિકો-વહીવટીતંત્ર તથા શાસક વચ્ચેનો સંવાદ અને સૌહાર્દનો સેતુ જળવાઈ રહે છે.

સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ શહેરી વિસ્તારની સમસ્યાનો સુચારૂ ઉકેલ લાવવાની દિશામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી રહ્યું છે. તેથી જ તો સ્વાગતને પ્રજાહિતમાં ગુજરાતનું પ્રો-એકટીવ પ્લેટફોર્મ કહેવામાં આવે તો યથાર્થ છે. છેલ્લા ૨૦ વર્ષમાં જીઉછષ્ઠ્ઠ ઓનલાઈન કાર્યક્રમમાં રાજય, જિલ્લા, તાલુકા અને ગ્રામ કક્ષાએ નાગરિકો દ્વારા પ્રાપ્ત થયેલી સાડા પાંચ લાખથી પણ વધુ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે, જે દર્શાવે છે કે સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ ટેક્નોલોજી, સંવેદનશીલતા અને માનવીય અભિગમનો અદભૂત સમન્વયબની રહ્યું છે.

**- દેવાંગ મેવાડા**

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# કાયદાનાં શાસન અંગે નેતાઓની બેવડી નીતિ

જ્યારે પણ ક્યાંક શાસન-પ્રશાસનની લાપરવાહીથી કોઈ મોટી ઘટના ઘટી જાય છે તો તે બધાના નિશાના પર આવી જાય છે. પ્રયાગરાજમાં પોલીસની હાજરીમાં અને ટીવી કેમેરા સામે માફિયા અતીક અને તેના ભાઈ અશરફની સનસનીખેજ રીતે હત્યા બાદ ઉત્તર પ્રદેશ પોલીસની સાથે યોગી સરકાર બધાના નિશાના પર છે. તમામ વિપક્ષો પૂછી રહ્યા છે કે આ કેવું કાયદાનું શાસન છે કે આટલા મોટા અપરાધીઓને આટલી આસાનીથી મારી નાખવામાં આવ્યા? આવા સવાલ સ્વાભાવિક છે, કારણ કે કોઈપણ અપરાધી ગમે તેટલો ખૂંખાર ભલેહોય, તેને નક્કી પ્રક્રિયા અંતર્ગત જ સજા આપવી જોઈએ, પરંતુ સામાન્ય લોકો એવું ત્યારે જ કહેશે, જ્યારે કાયદાનું શાસન ખરેખર પોતાનું કામ કરતું દેખાશે. એવું છે નહીં, તેથી અતીક-અશરફની હત્યા થતાં મોટી સંખ્યામાં લોકો કહી રહ્યા છે કે જે થયું તે સારું જ થયું. લોકો એવું એટલા માટે કહી રહ્યા છે, કારણ કે તેમણે જોયું છે કે છેલ્લાં ૪૪ વર્ષથી અતીકે કઈ રીતે કાયદાને પોતાનો ગુલામ બનાવી લીધો હતો. શાસન-પ્રશાસન અને ત્યાં સુધી કે અદાલતો પણ તેની સમક્ષ લાચાર જણાતી હતી. તે ગમે તેની હત્યા કરી નાખતો હતો, ગમે તેની જમીન પર કબ્જો કરી લેતો હતો અને ગમે તેને ઉઠાવી લેતો હતો. તેનો એટલો આતંક હતો કે હાઈકોર્ટના જજો પણ તેના કેસોની સુનાવણી કરતાં કતરાતા હતા. એવું એટલા માટે હતું, કારણ કે રાજકીય પક્ષો તેની ગુલામી કરતા હતા.

અતીક-અશરફના માર્યા જતાં નીતિશકુમાર, તેજસ્વી યાદવ, અખિલેશ યાદવ, માયાવતી, મમતા બેનર્જી, પ્રિયંકા વાઢેરા, કપિલ સિબ્બલ, અસદુદીન ઓવૈસી વગેરેએ કાયદાની દુહાઈ આપતાં નિવેદનો ઠપકાર્યા. અન્ય અનેક લોકો પણ કાયદાના શાસનનો ઘૂઘરો જોરશોરથી વગાડી રહ્યા છે, પરંતુ જરા જોઈએ કે કોને કાયદાના શાસનની કેટલી પરવા છે?

નીતિશ કુમારે માફિયા આનંદ મોહન સિંહને 'સારી ચાલચલગત'ના આધાર પર જેલમાંથી છોડાવવા માટે એ કાયદાને જ સંશોધિત કરી દીધો, જે એમ કહે છે કે સરકારી અધિકારી પર હુમલો કરનારાને સારી ચાલ-ચલગતના આધારે છોડી ન શકાય. આનંદ મોહન સિંહ ગોપાલગંજના ડી.એમ. રહેલા જી. કૃષ્ણૈયાની હત્યાનો દોષીત છે અને જનમટીપની સજા કાપી રહ્યો છે. શું એક આઈએએસ અધિકારીના હત્યારાને જેલમાંથી છોડી મૂકવા માટે કાયદો બદલવાથી કાયદાના શાસનનો જયકાર થશે? તેજસ્વી યાદવ માફિયા શાહબુદીનથી અજાણ તો નહીં જ હોય. આતંકનો પર્યાય આ માફિયાને લાલુ યાદવે એવું જ ઉઘાડું અને નિર્લજ્જ સંરક્ષણ આપ્યું, જેમ મુલાયમ સિંહ યાદવે અતીક અહમદને. મુલાયમ સિંહ એ જાણતા હતા કે અતીક અહમદે ધારાસભ્ય રાજુ પાલની હત્યા કરાવી છે પરંતુ તેઓ તેને નિર્દોષ ગણાવતા હતા અને તેના કૂતરા સાથે હાથ મિલાવતા હતા! માયાવતી પણ એનાથી પરિચિત હતાં કે અતીક અહમદ એ ગેસ્ટહાઉસ કાંડમાં સામેલ હતો, જેમાં તેનો જીવ જોખમમાં હતો, પરંતુ તેણે તેની પત્ની શાઈસ્તા પરવીનને બસપામાં સામેલ કરાવી. શાઈસ્તા ફરાર ન થઈ હોત તો તે પ્રયાગરાજથી બસપાની મેયર પદની ઉમેદવાર હોત.

અતીક-અશરફના માર્યા ગયા બાદ તે મમતા બેનર્જી પણ કાયદાના શાસનનો ઘૂઘરો વગાડી રહ્યાં છે, જેમણે ૨૦૨૧માં વિધાનસભા ચૂંટણીમાં જીત બાદ તૃણમૂલના ગુંડાઓને ખુલ્લી છૂટ આપી હતી. તેઓ વિરોધ પક્ષના નેતાઓ, કાર્યકર્તાઓ અને ત્યાં સુધી કે એ નિર્દોષ લોકો પર પણ તૂટી પડ્યા હતા, જેમના વિશે તેમને શંકા હતી કે તેમણે કોઈ બીજા પક્ષને વોટ આપ્યો છે. જ્યારે તૃણમૂલના ગુંડા પ્રકોપ વરસાવી રહ્યા હતા, ત્યારે મમતા કહી રહ્યાં હતાં કે બંગાળમાં તો ચારેબાજુ શાંતિ જ છે. ખરું તો એ હતું કે સેંકડો લોકો જીવ બચાવીને અસમ ભાગી જવા માટે મજબૂર થયા હતા. ચૂંટણી બાદની આ ભયાનક હિંસાપર કલકત્તા હાઈકોર્ટે જ્યારે રાષ્ટ્રીય માનવાધિકાર પંચને તપાસ કરવા કહ્યું તો તેમણે પોતાના રિપોર્ટમાં લખ્યું, 'બંગાળમાં કાયદાનું શાસન નહીં, બલ્કે શાસકનો કાયદો ચાલી રહ્યો છે.'

પ્રિયંકા વાઢેરાને કદાચ યાદ નહીં હોય, પરંતુ યુપીના જૂના કોંગ્રેસીઓ કહી શકે છે કે જ્યારે વીર બહાદુર સિંહ મુખ્યમંત્રી હતા તો કઈ રીતે અતીક અહમદની ધરપકડ કર્યા બાદ ગુપચુપ રીતે તેને છોડી મૂક્યો હતો. અતીક-અશરફના માર્યા ગયા બાદ કપિલ સિબ્બલને પણ કાયદાનું શાસન યાદ આવી ગયું. આ એ જ સિબ્બલ છે, જે એક સમયે માફિયા મુખ્તાર અંસારીને પેરોલ અપાવવા માટે સુપ્રીમ કોર્ટમાં એડીચોટીનું જોર લગાવી રહ્યા હતા, જેથી તે ચૂંટણી પ્રચાર કરી શકે. તેમનો સાથ આપી રહ્યા હતા સલમાન ખુર્શીદ! આ એજ મુખ્તાર અંસારી છે, જેને અમરિંદર સરકારના સમયે એક બનાવટી કેસની આડમાં યુપીની જેલમાંથી પંજાબની રોપડ જેલમાં લઈ જવામાં આવ્યો હતો, જેથી તે ત્યાં અય્યાશીથી રહી શકે. પંજાબ સરકાર મુખ્તારને યુપી પોલીસને સોંપવાનો ત્યાં સુધી ધરાર ઈનકાર કરતી રહી, જ્યાં સુધી સુપ્રીમ કોર્ટે તેનો કાન ન આમળ્યો. અતીક-અશરફની હત્યા થવાથી અસદુદીન ઓવૈસીને પણ બહુ જ કષ્ટ થઈ રહ્યું છે! તેમનું કષ્ટ સમજાયછે, કારણ કે એક સમયે શાઈસ્તા પરવીન તેમની પાર્ટીની સદસ્યતા ગ્રહણ કરતાં તેમનાં વખાણ કરતાં થાકતી નહોતી.

આખરે કાયદાના શાસનની દુહાઈ આપીને કોને બેવકૂફ બનાવી રહ્યા છે આ નેતાઓ? શું લોકો નથી જાણતા કે માફિયા તત્ત્વો આગળ કાયદાનું શાસન કઈ રીતે મીંદડી બની જાય છે? જનતા એનાથી અજાણ નથી કે માફિયાઓ કઈ રીતે જેલમાં રહીને પણ હત્યાઓ અને અપહરણ કરાવી શકે છે અને તેમના વિરૂધ્ધ સાક્ષી આપનારાઓને કઈ રીતે મારી નાખવામાં આવે છે. આમ જનતાને એટલી નાદાન ન સમજવી જોઈએ કે તે કાયદાના શાસનની ઐસીતૈસી થતાં પણ જોતી રહે અને તેમ છતાં તેની પાસેથી અપેક્ષા રાખવામાં આવે કે તે કાયદાના કરોડરજ્જુ વિનાના શાસનનું સન્માન પણ કરે!

# એઈમ્સ ખાતે અત્યાધુનિક એન્થ્રોપોમેટ્રી લેબોરેટરીનું એઈમ્સના ડાયરેક્ટર કર્નલ પ્રોફેસર ડો. સી.ડી.એસ. કટોચ દ્વારા ખુલ્લી મુકાઈ





(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા. ૨૫ : રાજકોટ નજીક સાકાર થઈ રહેલી એઈમ્સ હોસ્પિટલ ખાતે સંસ્થાના વડા તેમજ એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર શ્રી કર્નલ પ્રોફેસર ડો. સી.ડી.એસ. કટોચ દ્વારા એનાટોમી ડીપાર્ટમેન્ટની એન્થ્રોપોમેટ્રી લેબોરેટરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ડો. કટોચે આ લોકોપયોગી લેબોરેટરીનું ઉદઘાટન કરતા જણાવ્યું હતું કે, એઈમ્સ રાજકોટ રાજયના તમામ વ્યકિતના સ્વાસ્થ્યની જાળવણી માટે સતત કાર્યશીલ છે, તેના જ ભાગ સ્વરુપે એઈમ્સ ખાતે એન્થ્રોપોલોજી લેબોરેટરી કાર્યરત બનતા દર્દીઓના નિદાન - સારવાર સુવિધામાં વધારો થશે.

એનાટોમી ડીપાર્ટમેન્ટના વડા ડો. સિમ્મી મેહરાએ આ લેબોરેટરી અંગે માહિતી આપતાં કહ્યુ કે એન્થ્રોપોમેટ્રી લેબોરેટરીમાં આધુનિક તેમજ પરંપરાગત સાધનોની મદદથી માનવ શરીરના અલગ અલગ મેઝરમેન્ટ લઈ બોડી કમ્પોઝીશન અને વિવિધ કાર્યરત ગણતરી કરવામાં આવે છે. જેમકે સ્કીન ફોલ્ડ થીકનેસ, બી.એમ.આઈ, બોડી ફેટ વગેરે. સેન્ટર ઓફ ડીસીઝ કન્ટ્રોલ અને પ્રીવેન્શન મુજબ હાલના સમયમાં બાળકોમાં જોવા મળતા કુપોષણ, ઓબેસીટી અને ગ્રોથ રીટાર્ડેશન જેવા રોગોના નિદાનમાં એન્થ્રોપોમેટ્રી સહાયક થશે. આ ઉપરાંત ગર્ભવતી મહિલાઓમાં પણ પોષણની સ્થિતિ જાણી શકાશે. એન્થ્રોપોમેટ્રી રમતવીરોની ફિટનેસ ટ્રેનિંગમાં પણ મહત્વનો ભાગ ભજવે છે. ફોરેન્સિક મેડીસીનની મદદથી આ જ લેબોરેટરીમાં અજાણ્યા અસ્થિઓમાં રહેલા રહસ્યો જાણી શકાશે જે પોલીસને ઘણા ગુનાઓ ઉકેલવામાં મદદરુપ સાબિત થશે. શ્રી કર્નલ પ્રોફેસર ડો.સી.ડી.એસ. કટોચે ઉમેર્યું હતું કે આવતી કાલનું ભવિષ્ય તેવા બાળકોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે દરેક બાળકના એન્થ્રોપોમેટ્રીક મેઝરમેન્ટ નિયમિત થવા જોઈએ.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટ એઈમ્સ ખાતે ટેલિમેડીસીન સેવા ઉપરાંત તાજેતરમાં ફેફસાની કાર્યક્ષમતાનો ક્યાસ કાઢી આપતા મશીન "બોડી પ્લેથિસ્મોગ્રાફી" તેમજ ફેફસા અને હૃદયને લગતા રોગના નિદાન માટે કાર્ડિયોપલ્મોનરી એક્સરસાઈઝ ટેસ્ટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આગામી સમયમાં કેમ્પના આયોજન થકી એઈમ્સ હોસ્પિટલ મહત્તમ લોકો સુધી પહોંચવાનો પ્રયત્ન કરશે, તેમ પણ શ્રી કટોચે જણાવ્યું છે.

# દારુકાવનમાં શ્રી નાગેશ્વર મહાદેવના દર્શન કરતા સૌરાષ્ટ્રીયન તમિલો





દેવભૂમિ દ્વારકા તા. ૨૫

સૌરાષ્ટ્ર તમિલ સંગમ અન્વયે સૌપ્રથમ સોમનાથ મહાદેવના દર્શન કર્યા પછી સૌરાષ્ટ્ર તમિલ ભાઈ બહેનોએ દ્વારકા નજીક જ્યોતિર્લિંગ નાગેશ્વર મહાદેવના શ્રદ્ધાપૂર્વક દર્શન કર્યા હતા. દારૂકાવન નાગેશ્વર મહાદેવના દર્શન કરી નાગેશ્વર મહાદેવના આ મંદિરનો પ્રાચીન ઈતિહાસ પણ જાણ્યો હતો. મંદિરના પટાંગણમાં શિવની વિશાળ મૂર્તિને પણ શીશ નમાવી ભાવિકોએ દર્શન કર્યા હતા. આ તકે સૌરાષ્ટ્રીયન તમિલો અને ગુજરાતી દર્શનાર્થીઓ વચ્ચે પણ ભક્તિનું તાદાત્મ્ય સર્જાયું હતું.

# ખંભાળિયાના વિપ્ર યુવાનના આત્મહત્યા પ્રકરણમાં બ્રહ્મ સમાજ દ્વારા જિલ્લા કલેકટરને આવેદન અપાયું



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૫

ખંભાળિયામાં રહેતા અને વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ તથા અનેકવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા બ્રહ્મ અગ્રણી સંદીપભાઈ ખેતિયાના ૧૯ વર્ષના પુત્ર કેશવએ ગત ગુરુવારે ગાંધીનગર ખાતે ટ્રેન હેઠળ ઝંપલાવીને આપઘાત કરી લીધાનો કરુણ બનાવ પ્રકાશમાં આવ્યો હતો. પરીક્ષામાં બેસવા ન દેવામાં આવતા આશાસ્પદ યુવાન એવા કેશવને મનમાં લાગી આવતા તેણે જિંદગીનો અંત આણ્યો હતો. આ બનાવના ઘેરા પ્રત્યાઘાતો ખંભાળિયા સહિત જિલ્લા ભરના બ્રહ્મ સમાજ ઉપરાંત રાજ્યભરમાં પણ પડ્યા છે. આના અનુસંધાને આવા કિસ્સા ભવિષ્યમાં ન બને અને કેશવને આપઘાત કરવાની દુષ્પ્રેરણા આપનારા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સૌરાષ્ટ્ર કચ્છ તથા બ્રહ્મ સમાજની સમસ્ત પાંખ, સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ, બ્રહ્મ મિત્ર મંડળ, સમસ્ત બ્રહ્મ વિકાસ સમિતિના આગેવાનો કાર્યકરો દ્વારા ગઈકાલે સોમવારે રેલી સ્વરૂપે અહીંની જિલ્લા કલેકટર કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા બ્રહ્મ સમાજના પ્રમુખ વિપુલભાઈ જોશી, જીગ્નેશભાઈ ઠાકર, સંજયભાઈ થાનકી, મોહનભાઈ મોકરીયા, ફાલ્ગુનીબેન વ્યાસ, સંદીપભાઈ ખેતિયા, વજુભાઈ વોરીયા, સહિતના આગેવાનો ઉપરાંત કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા અને આ પ્રકરણમાં સંડવાયેલા શખ્સો સામે તટસ્થ અનેકડક સજાની માંગ કરી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ત્યાગથી સાચી શાંતિ મળે છે.

- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આદર-૧૩૯૨, મુ. શવ્વાલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, વૈશાખ સુદ-૫ શ્રી રામાનુજાચાર્ય જયંતિ, શ્રી શંકરાચાર્ય જ્યંતિ તા. ૨૫ એપ્રિલ ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૪, આર્દ્રા નક્ષત્ર, અતિગંડ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૨૪, સૂ.અ.૭:૧૫

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : નવિન આયોજન માટે વિશેષ મહેનત જરૂરી બને. ગુપ્ત ચિંતા સતાવે.
વૃષભ : વાણી સંયમ જાળવવો હિતાવહ. અટકેલા કાર્યમાં પ્રગતિ થાય.
મિથુન : સફળતા માટે વધુ પરિશ્રમ જરૂરી બને. આર્થિક સમસ્યા રહે.
કર્ક : પારિવારીક જીવનમાં આનંદ રહે. નવિન કાર્યમાં સફળતા મળે.
સિંહ : લોટરી, શેર-સટ્ટામાં સાવધાની રાખવી. આકસ્મીક પ્રવાસના યોગ બને.
કન્યા : સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં લાભ.
તુલા : મિત્રો સાથે મતભેદ થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.
વૃશ્ચિક : વેપાર-વાણિજ્યને લગતા કાર્યમાં સફળતા મળે. મહેનતનું શુભ ફળ મળે.
ધન : વડીલ, મિત્રો, સ્વજનોથી લાભ થાય. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.
મકર : મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.
કુંભ : વ્યર્થ ભાગ-દોડના ભોગ બનવું પડે. ખર્ચનો પ્રસંગ બને.
મીન : શારીરિક અસ્વસ્થતા અનુભવાય. નવિન ખરીદી થાય.

# સૌરાષ્ટ્ર તમિલ સંગમના મહેમાનોએ દ્વારકામાં રૂકમણી માતાના મંદિરે દર્શન કર્યા



દેવભૂમિ દ્વારકા તા. ૨૫

સૌરાષ્ટ્ર તમિલ સંગમ અંતર્ગત આજે છઠ્ઠા દિવસે ૩૦૦ જેટલા મહેમાનો દ્વારકાના મહેમાન બન્યા છે. ત્યારે તમિલ બાંધવો રૂકમણી માતાના પૌરાણિક મંદિરે રૂકમણી માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ભગવાન શ્રીકૃષ્ણ અને રુકમણી માતા જીવન સાથે સંકળાયેલી પૌરાણિક કથાઓ જાણી હતી. તમિલનાડુના ભાવિકોએ મંદિર ફરતે પ્રદક્ષિણા કરી શ્રદ્ધાપૂર્વક શીશ નમાવી રૂક્ષ્મણી માતાના આશીર્વાદ મેળવ્યા હતા.

# ખંભાળિયાની સિવિલ હોસ્પિટલમાં જોઈન્ટ રિપ્લેસમેન્ટનું જટિલ ઓપરેશન કરાયું



જામ ખંભાળિયા, તા. ૨૫

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા સ્થિત સરકારી હોસ્પિટલમાં ઓર્થોપેડિક ડો. વિરલ કાલરીયા દ્વારા વધુ એક વખત મેજર ઓપરેશન હાથ ધરી, જોઈન્ટ રિપ્લેસમેન્ટનું જટિલ ગણાતું ઓપરેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

ખાનગી હોસ્પિટલમાં કરવામાં આવતા ખર્ચાળ ઓપરેશન સરકારી હોસ્પિટલમાં આયુષ્યમાન કાર્ડ ધારકોને વિના મૂલ્યે કરી આપવામાં આવે છે. દર્દી પ્રકાશભાઈ પ્રવિણભાઈ ખરા નામના એક દર્દીને આ ઓપરેશનની જરૂરિયાત જણાતા ઓર્થોપેડિક સર્જન ડો. વિરલ કાલરીયા અને એનેસ્થેટિક ડો. કેતન જોશી, તેમજ અબ્દુલ સૈયદ તથા તેમની ટીમ સાથે ઓપરેશન થિયેટરના સ્ટાફ દ્વારા આ જટીલ ઓપરેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

અગાઉ મોરબીની સિવિલ હોસ્પિટલ તેમજ અમદાવાદની સોલા હોસ્પિટલ ખાતે ફરજ બજાવી ચૂકેલા ડો. વિરલ કાલરીયા અહીંની સરકારી હોસ્પિટલમાં પાંચ માસથી ફરજ બજાવવી રહ્યા છે.

# સોમનાથ-વેરાવળનાં એફએમ રેડીયો રીલે સેન્ટરની ૨૮ એપ્રીલથી શરૂઆત

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસપાટણ તા. ૨૫

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર ભૂમિ ઉપર વેરાવળ-પાટણ રોડ મધ્યે આવેલ એફએમ રેડીયો રીલે સેન્ટર તા. ૨૮ એપ્રીલથી સવારે ૧૧ વાગ્યે ફુલફલેગમાં કાર્યરત થશે. જેનું લોકાર્પણ સંભવતઃ ભારતનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં હસ્તે વર્ચ્યુલ કરાય તેવી સંભાવનાં છે. ૧૨થી ૧૫ કિમી કિમીની સીટી ત્રિજયાને આવરી લેતું આ સ્ટેશન લાંબો સમય સુધી માત્ર મર્યાદીત કલાક સુધી જ ટેસ્ટીંગ રીતે ચાલતું હતું. લોકાર્પણ તા. ૨૮ એપ્રીલનાં થયા બાદ દરરોજ સવારે ૫.૧૫ થી રાત્રે ૧૧.૦૫ સુધી મુંબઈ વિવિધ ભારતીનાં રેડીયો કાર્યક્રમો, મનોરંજન, ફિલ્મી ગીતો, સાંસ્કૃતિક ગીતો પીરસતું રહેશે. ૧૦૦-૧ ફીકવન્સી ઉપર આ રેડીયોનું પ્રસારણ રેડીયો, ટ્રાન્ઝીસ્ટર, મોબાઈલ અને ટ્રેન-જહાજોમાં નિયત અંતર સુધી સાંભળી શકાશે. દેશભરમાં કહેવાય છે કે ૧૦૦ જેટલા એફએમ રેડીયો રીલે સેન્ટરો છે.

આ રેડીયો સ્ટેશન શરૂ કરવામાં વેરાવળમાં વસતા વરસો જુના રેડીયો લીસનર માલદેભાઈ આહિર અને જીઈબી નિવૃત કાર્યપાલક ઈજનેર પંકજભાઈ જોષી, ખેતશીભાઈ મેથીયા, દિનેશભાઈ વૈદ્ય સૌ લાંબા સમયથી સક્રિય હતાં. અને સાંસદ વિમલભાઈ ચુડાસમાનો પણ સહયોગ સાંપડેલ હતો. અને આખરે ફુલફલેગમાં આ સ્ટેશન શરૂ થતાં રેડીયો શ્રોતાઓમાં હરખની હેલી અને આનંદ છવાયો છે. માલેભાઈ આહિરનો રેડીયાનું સારૂં કલેકશન ધરાવતાં ચાહક શ્રોતા છે.

# ખંભાળિયામાં ૧૧ ફૂટની મહાકાય ગદા સાથેની જ્યોત યાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું



જામ ખંભાળિયા, તા. ૨૫

સાળંગપુરના સુવિખ્યાત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતેથી પ્રસ્થાન થઈને સમગ્ર ભારતમાં હિન્દુ રાષ્ટ્ર સનાતન ધર્મ પ્રત્યે વિશ્વની યુવા પેઢીને જાગૃત કરવા પરિભ્રમણ માટે હનુમાનજી મહારાજની ૧૧ ફૂટની મહાકાય ગદા સાથે હિન્દુ રાષ્ટ્ર સનાતન જ્યોત યાત્રાનું ગઈકાલે સોમવારે ખંભાળિયામાં આગમન થયું હતું.

અહીંના મિલન ચાર રસ્તા ખાતે વિશ્વ હિન્દુ પરિષદ સહિતના કાર્યકરો દ્વારા તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જયાં ઉપસ્થિત વિશ્વ હિન્દુ પરિષદના તાલુકા મંત્રી મિલનભાઈ વારીયા, સહમંત્રી વિજયભાઈ કટારીયા અધ્યક્ષ કિરણબેન, પીઢ કાર્યકર ઈશ્વરભાઈ સોલંકી, નિલેશ શુક્લ તથા તપન શુક્લ દ્વારા ફુલહાર કરી, આરતી વડે સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ નગર ગેઈટ ખાતે પ્રજાપતિ સમાજ દ્વારા તથા નગરપાલિકા સદસ્યોએ અને કાનજીચતુ ધર્મશાળા પાસે કન્યા શાળાની દીકરીઓ તેમજ આગેવાનોએ સ્વાગત સન્માન કર્યું હતું. આ પછી રોકડિયા હનુમાનજી મંદિર ખાતે યુવા ભાજપ અને જોધપુર ગેઈટ ખાતે શહેર ભાજપ દ્વારા પુષ્પ વર્ષા કરી, ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અહીંના પૂજારી દ્વારા ગદાનું પૂજન કરી, મહા આરતી કરવામાં આવી હતી. વિવિધ સ્થળોએ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ નગરપાલિકા સદસ્યો શહેર ભાજપ અને યુવા ભાજપ અને મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા ઉપસ્થિત રહી, જય શ્રી રામના ગગનભેદી નાદ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું.

જેમાં અગ્રણીઓ વનરાજસિંહ વાઢેર, ઈન્દ્રજીતસિંહ પરમાર, જગુભાઈ રાયચુરા, હીનાબેન આચાર્ય, પ્રભાતભાઈ ચાવડા, માનભા જાડેજા, મયુર ધોરીયા, મહેન્દ્રભાઈ જોશી, મુકેશ કાનાણી, ભવ્ય ગોકાણી વિગેરે જોડાયા હતા.

### ખાનગીકરણને વધુ મજબૂત કરવાની દિશામાં સરકાર આગળ વધી રહ્યાનું પ્રતીત થઈ રહ્યું છે

# જ્ઞાનસેતુ ડે સ્કૂલ સરકારી શાળાઓના અસ્તિત્વ સામે મોટો પડકાર ઊભો કરશે ?

**ગરીબ સમુદાયના બાળકોને ખૂબ ભોગવવાનું આવશે તેમજ બાળકોના શિક્ષણના અધિકારનું પણ હનન થશે તથા શિક્ષકોના મહેકમ ઉપર ગંભીર અસર થશે : જ્ઞાન સેતુ ડે સ્કૂલના માધ્યમની ખાનગી શાળાઓને મજબૂર કરવા કરતા સરકારી શાળાઓમાં જ વધુ બજેટની જોગવાઈ કરવામાં આવે અને ખર્ચ કરવામાં આવે તો સરકારી શાળામાં ગુણવત્તાયુક્ત સુવિધાસભર અને સમાવેશી બની શકે**

આણંદ, તા. ૨૫

રાજય સરકાર સરકારી/ ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત, સુવિધા સભર શિક્ષણ પ્રાપ્ત થાય તેવા હેતુસર શ્રેષ્ઠ ખાનગી શાળાઓ સાથે જોડાણ કરીને ધો-૬થી ૧૨ માટે જ્ઞાન સેતુ ડે સ્કૂલ સ્થાપવા જઈ રહી છે. જેમાં ધો-૫ની પરીક્ષા પૂર્ણ કરેલ હોય તેવા તેજસ્વી વિદ્યાર્થીઓ માટે કોમનપરીક્ષા ૨૭/૦૪/૨૦૨૩ના રોજ યોજવામાં આવશે અને કોમન પરીક્ષા પાસ કરેલ બે લાખ જેટલા વિદ્યાર્થીઓ માટે ૪૦૦ જેટલી જ્ઞાન સેતુ ડે સ્કૂલ સ્થાપવામાં આવશે. આ અંગે ખંભાતનાં શિક્ષણ અધિકાર કાર્યકર જાનીશાર શેખએ જણાવ્યું હતું કે મુખ્ય સવાલો એ ઉભા થાય છે કે શું સરકાર માની રહી છે કે સરકારી/ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી શકે નહીં તેમજ ખાનગી શાળાઓ જ શ્રેષ્ઠ શિક્ષણ આપી શકે ? સરકારી શાળાઓની સંખ્યા શ્રેષ્ઠ ખાનગી શાળાઓ તરફ જશે તો સરકારી શાળાઓ મર્જ કે બંધ નહિ થઈ જાય ? જેના કારણે ગરીબ સમુદાયના બાળકોને ખૂબ ભોગવવાનું આવશે તેમજ બાળકોના શિક્ષણના અધિકારનું પણ હનન થશે સાથે સાથે શિક્ષકોના મહેકમ ઉપર પણ ગંભીર અસરો થશે. ભવિષ્યમાં એવું બની શકે કે જ્ઞાન સેતુ ડે સ્કૂલ યોજના બંધ થઈ જાય તો શું વિસ્તારમાં બંધ પડેલ સરકારી શાળાઓ જે સંખ્યાના કારણે બંધ/મર્જ થયેલ હશે પુર્નઃ શરૂ કરવામાં આવશે ખરી ? જો સરકારી શાળાઓમાંથી તેજસ્વી વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ ખાનગી જ્ઞાન સેતુ ડે સ્કૂલમાં પ્રવેશ આપવામાં આવશે તો સરકારી શાળાઓના ઓછું કે ધીમું શીખનારા બાળકો સાથે અન્યાય નહિ થાય ? જ્ઞાન સેતુ ડે સ્કૂલની તમામ મૂડી રોકાણ, જમીન, મેનપાવર, શ્રેષ્ઠ શિક્ષક અને સ્ટાફની જવાબદારી પ્રોજેકટ પાર્ટનરની રહેશે. તેની સામે સરકાર વિદ્યાર્થી દીઠ નક્કી કરેલ લમ્પ-સમ વીસ હજાર જેટલી રકમ શ્રેષ્ઠ ખાનગી શાળાઓને આપશે. આ જ રકમમાં જો આપણે આપણી સરકારી શાળાઓને વધુ ગુણવત્તાયુક્ત કરવા માટે લગાવીએ તો તમામ સરકારી પ્રાથમિક શાળાઓના અભ્યાસ કરતા બાળકોને ગુણવત્તાયુક્ત અને સુવિધા સભર શિક્ષણ પ્રાપ્ત થઈ શકે. લમ્પ-સમ રકમ આપીને સરકાર પોતાની જવાબદારીમાંથી છટકી જવા માંગે છે તેમજ સાથે ખાનગીકરણને પણ વધુ મજબૂત કરવાની દિશામાં આગળ વધી રહી છે તેવું પ્રતીત થઈ રહ્યું છે. મોટા ભાગે ગરીબ અને વંચિત સમુદાયોના બાળકો સરકારી શાળાઓમાં અભ્યાસ કરી રહ્યા છે. ઓછી સંખ્યાવાળી શાળાઓ મર્જ કરવાના નિર્ણયના કારણે ઘણી સરકારી શાળાઓ મર્જ થઈ અને હજુ પણ મર્જ થશે જેના કારણે પણ શિક્ષણ પર માઠી અસર થઈ રહી છે અને હાલ જ્ઞાન સેતુ ડે સ્કૂલ સરકારી શાળાઓમાં બાળકોની સંખ્યા ઉપર અસર નાખશે જેના કારણે પણ સરકારી શાળાઓની કમર તૂટી જશે અને ભવિષ્યમાં સરકારી શાળાઓના અસ્તિત્વ સામે ખૂબ મોટો પડકાર ઊભો થશે. જ્ઞાન સેતુ ડે સ્કૂલના માધ્યમથી ખાનગી શાળાઓને મજબૂત કરવા કરતાં જો સરકારી શાળાઓમાં જ વધુ બજેટની જોગવાઈ કરવાના આવે અને ખર્ચ કરવામાં આવે તો સરકારી શાળાઓ ગુણવત્તાયુકત, સુવિધાસભર અને સમાવેશી બની શકે.




જ્ઞાન સેતુ ડે શાળાઓ માટે વિશિષ્ટ અભ્યાસક્રમ અને પેડાગોજી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHEB) દ્વારા વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બોર્ડના નિષ્ણાંત સાથે પરામર્શ કરીને શાળાઓ માટે વિશિષ્ટ અભ્યાસક્રમ અને શ્રેષ્ઠ શિક્ષણ પદ્ધતિઓ ધરાવતા અભ્યાસક્રમ વિકસાવવામાં આવશે. તો અભ્યાસક્રમ પણ સરકાર ના શિક્ષણ વિભાગ સાથે જોડાયેલ વિભાગ જ તૈયાર કરવાનો હોય તો પછી આ જ અભ્યાસક્રમ પોતે જ સરકાર સરકારી શાળા/ ગ્રાન્ટેડ શાળાઓમાં જ ન ભણાવી શકે. જેથી તમામ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવાનો લાભ થાય તેમજ સરકારી/ગ્રાન્ટેડ શાળાઓ પાસે યોગ્ય અને ક્વોલિફાઈડ શિક્ષકો પણ છે તો શું કામ વિદ્યાર્થીઓને વિભાજીત કરીને સરકારી શાળાઓની છબી ખરાબ કરી અને ખાનગી શાળાઓને વધુ પ્રાથમિકતા અને નાણાંકીય ટેકો આપવામાં આવી રહ્યો છે.

## ભારતની અમેરિકામાં એન્જિનિયરિંગ માલની નિકાસ ૬.૮ ટકા વધી, જ્યારે ચીનમાં ૫૨.૪ ટકાનો ઘટાડો નોંધાયો

નવી દિલ્હી તા.૨૫

નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં, યુએસ એ એન્જિનિયરિંગમાલસામાન માટે ભારતનું સૌથી મોટું નિકાસ બજાર બનશે, જેની કુલ શિપમેન્ટ **USD 18.67** બિલિયનની છે, જે વાર્ષિક ધોરણે ૬.૮% વધારે છે. યુકે, જર્મની, સિંગાપોર, સઉદી અરેબિયા, મેક્સિકો અને ઈન્ડોનેશિયા એ એવા કેટલાક અન્ય મહત્વપૂર્ણ બજારો છે જેનો વિકાસ થયો છે. ચીન એન્જિનિયરિંગ ઉત્પાદનોની આયાતમાં ઘટાડો થયો છે. ચીનમાં એન્જિનિયરિંગ શિપમેન્ટ નાણાકીય વર્ષ ૨૩માં વાર્ષિક ધોરણે ૫૨.૪% ઘટીને **USD 5.53** બિલિયનથી **USD 2.63** બિલિયન થયું છે. **UAE**, તુર્કી અને થાઈલેન્ડમાં આ વર્ષ દરમિયાન નકારાત્મક વૃદ્ધિ જોવામાં આવી છે. ભારતમાંથી ઈજનેરી નિકાસ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંતે **USD 107.04** બિલિયન ઉપર પહોંચી છે, જે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન **USD 112.16** બિલિયનના રેકોર્ડ ઉચ્ચ સ્તરેથી ૪.૫૭ ટકાનો ઘટાડો દર્શાવે છે. જો કે, રૂપિયાના સંદર્ભમાં એન્જિનિયરિંગની નિકાસમાં વર્ષ-દર-વર્ષે ૨.૭૭ ટકાનો વધારો જોવા મળ્યો હતો. ૨૦૨૨-૨૦૨૩માં યુએસ ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં નોંધપાત્ર ઘટાડો આ વિસંગતતાનું કારણ હતું. **FY23** દરમિયાન ભારતના એન્જિનિયરિંગ માલના ઓછા શિપિંગના મુખ્ય કારણોમાં રશિયા-યુક્રેન યુદ્ધ દ્વારા લાવવામાં આવેલ સીઆઈએસ ક્ષેત્રમાં પ્રતિબંધો અને ભૌગોલિક રાજકીય કટોકટી, ઉત્તર-પૂર્વ એશિયામાં આર્થિક મંદી, ખાસ કરીને ચીન, દક્ષિણ-પૂર્વ એશિયામાં સંકટ અને યુરોપમાં મંદી જેવા પરિબળો છે. આ ઘટાડો એ મંદીની વૈશ્વિક માંગનું સીધું પરિણામ છે, ખાસ કરીને મેટલ સેક્ટરમાં. સામાન્ય રીતે આ નાણાંકીય વર્ષ વૈશ્વિક વેપાર માટે મુશ્કેલ વર્ષ રહ્યું છે. રશિયા-યુક્રેન કટોકટીથી યુરોપિયન અને મધ્ય એશિયાના અર્થતંત્રોને નોંધપાત્ર હદ સુધી નુકસાન થયું હતું. તેમણે કહ્યું કે જો સમયસર સરકારી પગલાં લેવામાં ન આવ્યાં હોતતો આ ઘટાડો વધુ તીવ્ર બની શક્યો હોત. અમે વાણિજય મંત્રાલય દ્વારા કરવામાં આવેલા પ્રયત્નોની પ્રશંસા કરીએ છીએ જે હંમેશા રાહતના પગલાં લે છે. આ ઉપરાંત માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રોત્સાહક શબ્દોની ઉત્પ્રેરક અસર થઈ છે. અમે ફોરેન ટ્રેડ પોલિસી ૨૦૨૩ની શરૂઆત કરવા બદલ આભારી છીએ જે વેપારના તમામ મહત્વના પાસાઓને આવરી લે છે જેમાં વેપાર કરવાની સરળતા, નિકાસ વ્યૂહરચના, નિકાસ પ્રોત્સાહનો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લોજિસ્ટિક્સમાં રાજ્યો અને જિલ્લાઓ સહિત રૂપિયાના વેપારની રજૂઆતનો સમાવેશ થાય છે. કેન્દ્ર સરકારના વાણિજ્ય મંત્રાલયના અંદાજ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ભારતમાંથી નિકાસ કરાયેલા તમામ માલસામાનમાં એન્જિનિયરિંગની નિકાસનો ૨૩.૯૨% હિસ્સો હતો, જે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૬.૫૮% હતો. ૩૪ એન્જિનિયરિંગ પેનલોના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે ૨૦૨૨-૨૦૨૩ દરમિયાન નિકાસમાં વધારો હતો જ્યારે શિપમેન્ટમાં ઘટાડો થયો હતો. એન્જિનિયરિંગ નિકાસમાં ઘટાડા પાછળના મુખ્ય કારણો આયર્ન અને સ્ટીલ હતા, જેની નિકાસ ૨૦૨૨-૨૩માં પાછલા નાણાકીય વર્ષ કરતાં ૪૧.૫૨ ટકા ઘટી હતી. એન્જિનિયરિંગની નિકાસ અગાઉના નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની સરખામણીમાં ૪.૯૧ ટકા વધી છે, જેમાં લોખંડ અને સ્ટીલ પેનલ્સનો સમાવેશ થતો નથી. મોટર વ્હીકલ/કાર, લોખંડ અને સ્ટીલના ઉત્પાદનો, ઈલેક્ટ્રિક મશીનરી અને સાધનો, ઔદ્યોગિક મશીનરી, મેડિકલ અને વૈજ્ઞાનિક સાધનો, જહાજો, બોટ અને ફ્લોટિંગ સ્ટ્રક્ચર્સ અને ઓટો કમ્પોનન્ટ્સ/ પાર્ટ્સમાં પાછલા નાણાકીય વર્ષની સરખામણીએ વધારો થયો છે, જ્યારે મૂળભૂત ધાતુઓ જેમ કે આયર્ન અને સ્ટીલ, એલ્યુમિનિયમ અને પ્રોડક્ટ્સ અને કોપર અને પ્રોડક્ટ્સના શિપમેન્ટમાં વધારો થયો છે.

## અર્નબ ગોસ્વામી દિલ્હી હાઈકોર્ટમાં TERIના વડાની બિનશરતી માફી માંગશે



નવી દિલ્હી, તા. ૨૫

એનડીટીવીના ભૂતપૂર્વ પ્રમોટર પ્રણય રોયના વકીલે કહ્યું કે, તેઓને જાણ કરવામાં આવી છે કે, રિપબ્લિક ટીવીના એડિટર-ઈન-ચીફ અર્નબ ગોસ્વામીના વકીલે દિલ્હી હાઈકોર્ટને જાણ કરી કે તેઓ સ્વર્ગસ્થ પર્યાવરણવાદી અને ભૂતપૂર્વ ધ એનર્જી અને રિસોર્સિસ ઈન્સ્ટિટ્યૂટ (**TERI**)ના વડા આર.કે. પચૌરી દ્વારા દાખલ કરવામાં આવેલા અવમાનના કેસમાં બિનશરતી માફી માંગશે. પચૌરીએ ફેબ્રુઆરી ૨૦૧૬માં કોર્ટની તિરસ્કારની અરજી દાખલ કરી હતી, જેમાં તેઓએ આરોપ લગાવ્યો હતો કે, ઘણા મીડિયા હાઉસ ઈરાદાપૂર્વક અને તિરસ્કારપૂર્વક કોર્ટના આદેશોનું પાલન કરી રહ્યા ન હતા જે તેમને તેમની વિરુદ્ધ જાતીય સતામણીના દાવાઓ પ્રકાશિત કરવાથી પ્રતિબંધિત કરે છે. પ્રતિવાદી નં. પાંચ (અર્નબ ગોસ્વામી) માટેના વકીલ જણાવે છે કે, તે એક અઠવાડિયાના સમયગાળામાં બિનશરતી માફી માંગતી એફિડેવિટ ફાઈલ કરશે. ઈકોનોમિક ટાઈમ્સ અને તેના વરિષ્ઠ સહાયક સંપાદક રાઘવ ઓહરીએ આ મામલે બિનશરતી માફી માંગી લીધી છે. પ્રતિવાદી નં.૨ (ઈકોનોમિક ટાઈમ્સ) અને ૩ (ઓહરી) માટે વિદ્વાન વકીલ જણાવે છે કે, તેમણે પ્રતિવાદી નં.૨ અને ૩ વતી એક સોગંદનામું દાખલ કર્યું છે, જેમાં તેમની બિનશરતી માફી માંગી છે. તેને ત્રણ (૩) દિવસની અંદર રેકોર્ડ ઉપર લાવવામાં આવશે. પચૌરીએ કહ્યું હતું કે, તેમના ઉપર આ મીડિયા ટ્રાયલ કરવામાં આવી રહી છે અને પ્રકાશનો દ્વારા કરવામાં આવેલા અહેવાલો બદનક્ષીભર્યા છે અને તેમના કેસ અંગે પૂર્વગ્રહયુક્ત વલણ ધરાવે છે. પચૌરીનું ૨૦૨૦માં અવસાન થયું હતું, જ્યારે તેઓ **TERI**નું નેતૃત્વ કરતા હતા ત્યારે તેમના ઉપર એક સહકર્મી ઉપર જાતીય સતામણીનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

## ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત ખનિજ માટે બ્લાસ્ટ કરતાં ચારને જંગી રકમનો દંડ : રૂા.૧.૨૧ અબજ ભરવા નોટિસ

અમદાવાદ, તા. ૨૫

સુરેન્દ્રનગરમાં વઢવાણ તાલુકાના મોટા મઢાદ ગામે ખનિજચોરીના મામલે ખાણ ખનિજ વિભાગે ચાર ખનિજચોરોને ૧ અબજ ૨૧ કરોડ અને ૬૭ લાખનો જંગી દંડ ફટકારવામાં આવ્યો છે. ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત આ પ્રકારની ઘટના બની છે. મોટા મઢાદ ગામે ખનિજચોરી માપણી કરી અને ચાર ખનિજ ચોરો ઉપર દંડ ફટકારવાની નોટિસ આપવામાં આવી છે. આ ગામે ખનિજ ચોરો બ્લાસ્ટ કરતા હતા. ખનિજ ચોરી માટે અહીં બ્લાસ્ટ કરવામાં આવતા હતા. જેના કારણે ગ્રામજનો પણ ઘણા પરેશાન હતા કારણ કે, બ્લાસ્ટ જાણે ભૂકંપ આવ્યો હોય તેવો અનુભવ કરાવતા હતા. અહીં સુધી કે, આ કારણે ઘણા ઘરોમાં તિરાડો પણ પડી ગઈ છે. નાના મઢાદ ગામે થતી આ ભૂકંપ જેવી અનુભૂતિ અને તિરાડોથી પરેશાન-ભયભીત લોકોએ આ મામલે તંત્રને રજૂઆતો કરી હતી. જે પછી ખાણ ખનિજ વિભાગે કાર્યવાહી હાથ ધરી હતી અને તેમાં વિભાગે રણજીત મસાણીને રૂા.૧૪.૨૦ કરોડ, રાજેશ આલને રૂા.૪૧.૩૧ કરોડ, જયેશ રબારીને રૂા.૪૧ કરોડ, અજીત પગીને રૂા.૨૫.૧૪ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ શખ્સોએ કરેલા માઈનિંગને લઈને આ કાર્યવાહી કરવામાં આવી છે.

# ફૂડ અને હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રીમાં કેવી છે કરિયરની તકો ? આ ક્ષેત્રમાં ઝંપલાવવા માટે અભ્યાસ જરૂરી છે કે અનુભવ ?

**શરૂઆત કેવી રીતે કરવી તેનો એક સિમ્પલ સિદ્ધાંત છે. તમારી જરૂરિયાત, પેશન, આવડત, સમયની ફાળવણી, વર્ક ફોર્સ અને નાણાકીય જોગવાઇ છે તે મુખ્ય બાબત છે. ઘણા જરૂરિયાતમંદ લોકો છે તેમની પાસે નાણાં નથી પરંતુ સારી એવી આવડત હોય છે, ઘરમાં સગવડ હોય છે તો તેઓ ઘરેથી ફૂડ બનાવવાનું શરૂ કરી દે છે.**

મિત્રો આજકાલ લોકોને આનંદ-પ્રમોદની પ્રવૃત્તિમાં ખૂબ રસ પડે છે. અલબત્ત આ કોઇ નવી વાત નથી પહેલા પણ લોકોને આ ગમતો જ વિષય હતો પરંતુ હાલમાં લોકોની કમાણી, ખરીદ શકિત, હપ્તાપદ્ધતિની ખરીદી, અલગ-અલગ સ્થળોની જાણકારી અને એક જીવન જીવી લેવાની વૃત્તિના કારણે તેઓ બિન્દાસ ખર્ચ કરી લેવામાં માનતા થયા છે. પહેલા એવું હતું કે મોટી રકમની બચત કરવી પરંતુ હવે બચત કરવામાં તો આવે છે પરંતુ સાથે સાથે એક જ વાર જીવન મળ્યું છે ત્યારે મોજ-મજજા પણ કરી જ લેવી તેવી પણ એક માનસિકતા છે. આથી ઈલેકટ્રીક ગેજેટ્સનો વપરાશ, ભોજનની જયાફત અને પ્રવાસોની સંખ્યામાં પણ વધારો થઇ ગયો છે. આથી જો તમને વાત કરૂ તો ફૂડ અને ટ્રાવેલર ઈન્ડસ્ટ્રી છે તેમાં લોકોની ડિમાન્ડને જોતા ખૂબ જ રોકાણ થઇ રહ્યું છે અને નવી-નવી જગ્યાઓ ખુલી ગઇ છે. ત્યારે આજે આપણે ફૂડ અને ટ્રાવેલ ઈન્ડસ્ટ્રીમાં રોજગારીની તકો વિશે જાણકારી મેળવીશું.

**ફૂડ ઇન્ડસ્ટ્રી એટલે શું ?**

બહુ સાદી વ્યાખ્યા છે કે ભોજન કે પાકશાસ્ત્રને લગતી ઈન્ડસ્ટ્રી એટલે કે ફૂડ ઈન્ડસ્ટ્રી પરંતુ આ એક વાક્યમાં બહોળા વિષયોનો સમાવેશ થાય છે. રસ્તા ઉપર ભજીયાની લારીથી લઈને અમુલની આઈસ્ક્રીમ બનાવતી ફેક્ટરી સુધીનો સમાવેશ ફૂડ ઈન્ડસ્ટ્રીનો સમાવેશ થાય છે અને રોજગારી આપતી ટોચની ઈન્ડસ્ટ્રી પૈકી એક છે. તમે આજકાલ સોશિયલ મીડિયામાં ટ્રેન્ડીંગ વીડિયોઝ જોતા હશો કે યુવાન વયના યુવક અને યુવતીઓ રસ્તા ઉપર ઊભી રહીને ચા-કોફી, મોમો, બરફના ગોળા સહિતની વાનગીઓ વેચતા હોય તેવું બતાવવામાં આવે છે. આવા એકાદ બે વીડિયો વાઈરલ થઈ જાય તો આ યુવાનીયાઓનો બેડો પાર થઈ જાય છે અને તેમના ધંધાની જમાવટ થઈ જાય છે. આ ઉપરાંત ઘરેથી ફૂડ બનાવીને વેચવું, સવાર- સાંજની ટિફિન સર્વિસ, નાસ્તા અને મિઠાઈઓ બનાવવી અને વીકેન્ડમાં જ ભોજન પીરસવું તે સહિતના બિઝનેસ પણ બહુ બહોળા પ્રમાણમાં ચાલી રહ્યા છે. આ બધા ઉદ્યોગ સાહસિકોને સારી એવી કમાણી થઇ રહી છે. ઘણાએ તો પોતાના મુખ્ય ધંધા છોડીના આ ઉદ્યોગમાં કાયમી ધોરણે એન્ટ્રી મારી લીધી હોવાના પણ દાખલા છે. ઉપર મુજબની તો થઈ બેઝીક વાત પરંતુ તે પછી મિડલ લેવલ અને ટોપના લેવલની પણ ઘણી બધી વાતો છે. કેટલાક લોકો પાસે પૈસો હોય તો તેઓ બજારમાં નાનું મોટુ ફૂડ આઉટલેટ કે પછી કેફેની શરૂઆત કરે છે. જેમની પાસે અનુભવ નથી તેઓ કોઈને કોઇ ફૂડ બ્રાન્ડની ફ્રેન્ચાઈઝી લઈને કમાણી તક જોતા હોય છે. જેમની પાસે અઢળક પૈસો છે અને એક બિઝનેસ જામી ગયો છે તેવા લોકો રેસ્ટોરન્ટ કે હોટલ ઈન્ડસ્ટ્રીમાં રોકાણ કરીને પૈસા કમાવવા માટે આગળ આવે છે. મોટી કોર્પોરેટ કંપનીઓ છે તેઓ ફાઈવસ્ટાર હોટલ્સ, રિસોર્ટસ અને મોંઘીદાટ રેસ્ટોરન્ટ્સ શરૂ કરી છે. કેટલાય ક્રિકેટરો, ફિલ્મસ્ટાર્સ કે સેલેબ્રિટીઓ રેસ્ટોરન્ટ્સના ધંધામાં ઝંપલાવ્યા હોવાના દાખલા છે. ક્રિકેટર રવિન્દ્ર જાડેજાની 'જડ્ડુસ' નામની રેસ્ટોરન્ટ શરૂ કરી છે તેવી જ રીતે ગુજરાતી ફિલ્મોના સ્ટાર મલ્હાર ઠાકરે પણ અમદાવાદમાં એક રેસ્ટોરન્ટ શરૂ કરી છે. આમ સમાજનો કોઈપણ વર્ગ ફૂડ બિઝનેસ પરત્વે આકર્ષિત થાય છે અને પોતાની ક્ષમતા વિશે બેઝિનેશ શરૂ કરે છે, બે પાંદડે થાય છે.

**શરૂઆત કેવી રીતે કરવી ?**

શરૂઆત કેવી રીતે કરવી તેનો એક સિમ્પલ સિદ્ધાંત છે. તમારી જરૂરિયાત, પેશન, આવડત, સમયની ફાળવણી, વર્ક ફોર્સ અને નાણાકીય જોગવાઈ છે તે મુખ્ય બાબત છે. ઘણા જરૂરિયાતમંદ લોકો છે તેમની પાસે નાણા નથી પરંતુ સારી એવી આવડત હોય છે, ઘરમાં સગવડ હોય છે તો તેઓ ઘરેથી ફૂડ બનાવવાનું શરૂ કરી છે. જેમની પાસે સાંકડા ઘર છે અને ત્યાંથી બિઝનેસ થાય તેમ નથી તેઓ રસ્તા ઉપર નાની મોટી લારી કે ખુમચો ઊભો કરી દે છે. જેમની પાસે થોડા ઘણા પૈસા, આયોજન, આવડત અને ઘરમાં જગ્યા છે તેઓ ઘરેથી જ પોતાનું ક્લાઉડ કિચન શરૂ કરી દે છે. જેમ બીજા ધંધાનો સિદ્ધાંત છે તેમ આ પણ એક સામાન્ય સિદ્ધાંત છે કે બસ એકવાર શરૂઆત કરો પછી આગળ દિશા મળતી રહેશે. મારી પાસે એવા ઘણા ઉદાહરણો છે. જયંતિ સંતોષકુમાર નામની એક મહિલા ઘરેથી સાઉથ ઈન્ડિયન ફૂડ બનાવીને વેચતા હતા અને તેને સારો રિસ્પોન્સ મળવા લાગ્યો. ત્યારબાદ તેમને ઓછા ભાડાની એક ખુલ્લી જગ્યા મળી અને તે ભાડે લીધી. એક રેસ્ટોરન્ટ જેવું સેટ અપ ઊભુ કરી દીધું. નામ આપ્યું સાંબર કેફે. તે સ્થળ ઉપર કોઈ આવા ફૂડ આઉટલેટ નહોતા અને બીજું કે તેમનો ઓથેન્ટીક ટેસ્ટ સૌને ગમવા લાગ્યો, સોશિયલ મીડિયાનો સહારો મળ્યો અને હાલમાં તેમમે રાજપથ ક્લબ નજીક ખૂબ મોટી રેસ્ટોરન્ટ શરૂ કરી દીધી.

બીજું ઉદાહરણ આપું તો એક મહારાષ્ટ્રીયન યુગલ સાવ ગરીબીમાં જીવતું, સંતોષ ભાઉ અને તેમના પરિવારે શહેરના પ્રહલાદનગર વિસ્તારમાં લારી શરૂ કરી અને મુંબઈ સ્ટાઈલ વડાપાવ અને ફ્રાયમિસળ વેચવાની શરૂઆત કરી. લોકોને ટેસ્ટ એટલો ગમ્યો અને સોશિયલ મીડિયામાં તેમની પોસ્ટ આવવા લાગતા ખૂબ ફેમસ થઈ ગયા. હાલમાં તેઓએ નજીકમાં જ એક દુકાન ભાડે લઈને રિદ્ધિ-સિદ્ધિ વડાપાવના નામથી બિઝનેશ જમાવ્યો છે. આવા તો તમારી આસપાસ અનેક ઉદાહરણો ચલાવીને ગાડી બંગલાના માલિક થયા હોય તેવા યદાખલા છે. આ તો થઈ સંઘર્ષ કરનાર વ્યક્તિઓની વાતો પરંતુ જો તમારી પાસે નાણાકીય ક્ષમતા છે અને ફૂડ બિઝનેસમાં ઝંપલાવવું છે તો પણ વિપુલ તકો છો. જો અનુભવ ના હોય તો કોઈ સારી બ્રાન્ડની ફ્રેન્ચાઈઝી લઈને શરૂઆત કરી શકાય. તેના કારણે ફાયદો શું છે કે જે બ્રાન્ડ હોય તેની રેસિપીથી લઈને તમામ પ્રકારની એક્સપર્ટીઝ તમને મળી રહે છે. રેસ્ટોરન્ટ કેવી રીતે ચલાવવું, કેટલો ખર્ચ આવે, ગ્રાહકોની આદતો, હિસાબકિતાબ, ભોજન બગડે નહી તેની તકેદારી, ઈન્ટીરીયર ડેકોરેશન, કિચન હેન્ડલીંગ સુધીની તમામ બાબતો તમને શીખવા મળે છે અને બીજી બાજુ નફો પણ મળે. આથી આમ તાલીમ સાથે પૈસા મળે છે. બીજો રસ્તો એવો છે કે, તમે કોઈ નિષ્ણાત સાથે પાર્ટનરશીપ કરો. જે વ્યક્તિ આ ઈન્ડસ્ટ્રીમાં છે, અનુભવ છે તેમની સાથે ભાગીદારી કરીને ધંધો ચલાવ તો ધીરે ધીરે જ્ઞાન આવવા લાગે છે અને તમે પણ એ બાબતમાં સારી એવી આવડત મેળવી શકો છો. બાકી જેની પાસે રોકાણ કરવા માટે નાણા છે તેઓ ફૂડ સલાહકાર, એકસપર્ટ વ્યક્તિઓને હાયર કરીને દેતા હોય છે. આવા રોકાણકારો દ્વારા રેસ્ટોરન્ટસ શરૂ કરવામાં આવે છે ત્યારે ખૂબ નાણાંની જરૂર પડતી હોય છે. પરંતુ એક વાર શરૂઆત થઈ ગયા પછી તેમાં ખાસ્સી સફળતા અને કમાણી પણ મળતી હોય છે.

**આવડત જરૂરી છે કે અભ્યાસ ?**

જો કોઈપણ ધંધો શરૂ કરવો હોય તો અભ્યાસ કરતા આવડત જરૂરી હોવાનું છે. જો કે અભ્યાસ કર્યો હોય તો ઘણો ફાયદો થાય છે પરંતુ વ્યક્તિમાં જો કોઠાસૂઝ હોય તો ધંધો શરૂ પણ કરી શકે છે અને તેને આસમાનની ઉંચાઈએ પહોંચાડી પણ શકે છે. એક વખત જો તમે જે-તે ક્ષેત્રનો અભ્યાસ કર્યો હોય તો પણ આવડતની તો જરૂર પડે જ છે. તમને બધાને જાણકારી હશે જ કે કોઈપણ શિક્ષણ મેળવો ત્યારબાદ પ્રેક્ટીકલ ટ્રેનિંગની જરૂરી હોય જ છે. આ જ સિદ્ધાંત આમાં પણ લાગુ પડે છે. આથી અભ્યાસ હોય તો તાલીમ સરળ બની જાય છે. પંરતુ સૌથી મોટી વાત કહું તો આવડત અને અનુભવ સૌથી વધુ જરૂરી હોય છે.

# સૌરાષ્ટ્ર તમિલ સંગમ અંતર્ગત સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની પ્રદર્શનીમાં પ્રાચીન લખાણ અંગે રસપ્રદ વિગતો મેળવી રહ્યા છે પ્રવાસીઓ

## સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની પ્રાચીન સાહિત્ય અને યજ્ઞની ચીજવસ્તુઓની પ્રદર્શનીની મુલાકાત લેતા શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા





વેરાવળ, તા.૨૫

ભારતીય સંસ્કૃતિના પ્રાચીન ગ્રંથો કઈ રીતે લખાયા હશે ? ઝાડની છાલ માંથી ભોજપત્ર કઈ રીતે બનતા હતા? એવી કઈ શાહી વપરાતી હતી કે ૧૦૦૦ વર્ષ સુધી લખાણ નષ્ટ થતું ન હતું? આ બધી રસપ્રદ માહિતી સૌરાષ્ટ્ર તમિલ સંગમ અંતર્ગત સોમનાથ મંદિર નજીક બનાવાયેલા પ્રદર્શનની ડોમ કાર્યક્રમના સ્થળે પ્રવાસીઓ મેળવી રહ્યા છે.

સૌરાષ્ટ્ર તમિલ સંગમ અંતર્ગત વિવિધ યુનિવર્સિટીની પ્રદર્શની આયોજિત કરવામાં આવી છે. ગઈકાલે પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા અને શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ યુનિવર્સિટીના વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી. જેમાં શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા એ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના પ્રાચીન સાહિત્યના લખાણ અને કઈ રીતે પ્રાચીન સમયમાં સાહિત્ય લખાતું હતું તેમજ યજ્ઞ ની વિવિધ ચીજવસ્તુઓ કઈ રીતે બનાવવાતી હતી તે તમામ ચીજ વસ્તુઓના તમિલ-અંગ્રેજી- હિન્દી માં નામો સહિતની પ્રદર્શનની નિહાળી રસપ્રદ વિગતોથી તેઓ વાકેફ થયા હતા. સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ ડો.લલિત પટેલે જણાવ્યું હતું કે તાડ સહિતના ઝાડની છાલ માંથી બનાવતા ભોજપત્ર પર પ્રાચીન સમયમાં સાહિત્ય લખાતું અને તે ૧૦૦૦ વર્ષ સુધી નષ્ટ થતું ન હતું. કઈ પ્રકારનું આ મટીરીયલ હતું ? તેમજ શાહી કઈ રીતે બનતી હતી? આ અંગે રસપ્રદ અભ્યાસ કરીને સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીએ આ પ્રકારની શાહી બનાવી કેટલીક પ્રાચીન વસ્તુઓનું પણ પ્રતિકાત્મક સંયોજિત નિર્માણ કરી સંસ્કૃત લેખની અંગેની વિગતો સ્ટોલમાં પ્રદર્શિત કરી છે અને આ બધી વસ્તુ જીવંત રહે તે માટેના પણ પ્રયાસો પણ કર્યા છે.

# બાદલપરા ગામે ધાનાભાઇ બારડ મેમોરિયલની મુલાકાત લેતા મંત્રીઓ

## સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અંતર્ગત ધારાસભ્ય ભગવાન ભાઈ બારડે સેવાકીય પ્રકલ્પોની માહિતી આપી





વેરાવળ, તા.૨૫

સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અંતર્ગત આજે સૌરાષ્ટ્રયન તમિલના પ્રવાસીઓએ પોતાના વતન સૌરાષ્ટ્રના ગામડાની સંસ્કૃતિ જાણવા અને માણવા બાદલપરા ગામની મહેમાનગતિ માણી હતી.બાદલપરા ગામ ગીર સોમનાથ જિલ્લાનું શ્રેષ્ઠ અને રમણીય અને વિશેષ ગ્રામ્યજન સુવિધા ધરાવતું ગામ છે. ધારાસભ્યશ્રી ભગવાનભાઈ બારડપરિવાર દ્વારા મહેમાનોની આગતા સ્વાગતતા કરી બહેનો દ્વારા પરંપરાગત વેશ પરિધાનમાં સામૈયુ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ , પ્રવાસન મંત્રી મુળુભાઇ બેરા અને ગૃહરાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા અને સાંસદ રાજેશભાઈ ચુડાસમા, સાંસદ રમેશભાઈ ધડુક સહિતના મહાનુભાવોએ બાદલપરા ગામની મુલાકાત લીધી હતી. મંત્રીઓએ ધાનાભાઈ બારડ મેમોરિયલ ખાતે આરોગ્ય કેન્દ્ર અને લાઈબ્રેરી અને અન્ય સુવિધા અને સેવાકીય પ્રકલ્પોનું પણ નિરીક્ષણ કર્યું હતું.

## ગૃહરાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના વરદહસ્તે

# વેરાવળ ખાતે એસ.ટી વર્કશોપનું ખાતમુહૂર્ત તેમજ કોડીનાર ડેપો વર્કશોપનું ઈ-ખાતમુહૂર્ત યોજાયું

## સરકારે માત્ર ૧૫૦ દિવસના ગાળામાં રાજ્યમાં ૬૦૦ નવી બસો ફાળવી છે અને આ અઠવાડિયામાં બીજી નવી ૧૨૫ બસો ફાળવવાનું આયોજન





વેરાવળ, તા.૨૫

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા નવનિર્મિત થનાર વેરાવળ એસટી ડેપો વર્કશોપનું ખાતમુહૂર્ત તેમજ કોડીનાર ડેપો વર્કશોપનું ઈ-ખાતમુહૂર્ત આજે ગૃહરાજયમંત્રી હર્ષભાઈ સંઘવીના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે, ગૃહરાજયમંત્રીએ જણાવ્યું હતુંકે, આજે વેરાવળ અને કોડીનાર ડેપોમાં ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા છે. જેથી ગીર સોમનાથ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોના ગામડાઓમાં પરિવહનની સુવિધા માટેનું માળખું બહેતર બનશે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રચાયેલી નવી સરકારે માત્ર ૧૫૦ દિવસમાં રાજ્યમાં ૬૦૦ નવી બસો ફાળવી છે અને આ અઠવાડિયામાં બીજી નવી ૧૨૫ બસો ફાળવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેથી છેવાડાના ગામડાઓને વધુમાં વધુ સારી બસોની સુવિધા સાથે જોડી શકાય. સરકારની આ દિઘર્દ્રષ્ટિથી વિદ્યાર્થીઓ અને વડીલોને પરિવહનની સુવિધા સરળ રીતે મળી શકે એવું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. સરકાર અંતરિયાળ વિસ્તારોમાં જાહેર પરિવહન સહિતની શ્રેષ્ઠ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અને આ વિસ્તારોને વિકાસની મુખ્ય પ્રવાહમાં જોડવા કટિબદ્ધ છે.

# સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમના સાતમા દિવસે તમિલ મહેમાનો માટે બાદલપરા ગામમાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો







વેરાવળ, તા.૨૫

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ સોમનાથ ખાતે સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત આજે જિલ્લાના આદર્શ ગામ બાદલપરામાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ગ્રુપો દ્વારા અનેકવિધ કૃતિઓ રજુ કરવામાં આવી હતી. જેને ઊપસ્થિત મહેમાનોએ મનભરી માણી હતી.

કાર્યક્રમના સાતમા દિવસે બાદલપરામાં ભાતીગળ સંસ્કૃતિની ઓળખ સમાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થયા હતા. જે શ્રેણીમાં ભરતનાટ્યમ નૃત્ય દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ 'સામે કાંઠે વેલડા આવ્યા' ગીત પર ગુજરાતની ઓળખ સમાન ગરબો રજૂ કરવામાં આવ્યું હતો. જે નિહાળી તમિલ મહેમાનો મંત્રમુગ્ધ થયા હતા. મણિયારો રાસની મનમોહક રજૂઆત જોઈને તમિલ બંધુઓ-ભગિનીઓ શૌર્યરસમાં તરબોળ થયા હતા. 'હે મારે મહિસાગરને આરે ઢોલ વાગે સે' ગીત પર ગરબો રજૂ કરવામાં આવ્યો હતો. જેની રજૂઆત કરવાની શૈલીએ ઉપસ્થિત સર્વેમાં અનેરું આકર્ષણ જમાવ્યું હતું.

આ તકે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના એક ભારત શ્રેષ્ઠ ભારતના સ્વપ્નને સાર્થક કરવા સૌરાષ્ટ્ર સંગમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંગમ એક રાજય થી બીજા રાજ્યને જોડવાનું કામ કરે છે. આપણી ભાષા, સંસ્કૃતિ ભલે અલગ હોય પરંતુ આપણી ભક્તિ એક જ છે. હજારો વર્ષ પહેલા આક્રમણના કારણે સૌરાષ્ટ્રમાંથી તમિલનાડુમાં સ્થાયી થયેલા લોકોનું આજે પોતાની માતૃભૂમિમાં હાર્દિક સ્વાગત છે.

## બાદલપરા ગામમાં યોજાયેલ ભવ્ય કાર્યક્રમ માણી બીજો જન્મ સૌરાષ્ટ્રમાં લેવાની ઈચ્છા વ્યક્ત કરતાં ભુવનેશ્વરીજી

મદુરાઈથી આવેલા ભુવનેશ્વરીજીએ પોતાનો પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, આજે હું માતૃભૂમિની ગોદમાં આવી હોય એવું લાગી રહ્યું છે. બાદલપરા ગામને જોઈને મને બાળપણમાં જોયેલા મારા ગામની યાદ આવી ગઈ છે. વિશ્વમાં સાત અજાયબીઓ છે પરંતુ સૌરાષ્ટ્ર તમિલ સંગમએ વિશ્વની આઠમી અજાયબી છે. સૌરાષ્ટ્ર તમિલ સંગમમાં સહભાગી થવાનો મોકો આપવા બદલ અમે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આભારી છીએ. ભુવનેશ્વરીજીએ બીજા જન્મ સૌરાષ્ટ્રમાં લેવાની ઈચ્છા વ્યકત કરી હતી.

# આજે ૨૫ એપ્રિલ-વિશ્વ મેલેરિયા દિવસ






વિશ્વ મેલેરિયા દિવસ (WMD) એ દર વર્ષે ૨૫ એપ્રિલના રોજ ઉજવવામાં આવતો આંતરરાષ્ટ્રીય ઉજવણી છે અને મેલેરિયાને નિયંત્રિત કરવાના વૈશ્વિક પ્રયાસોને માન્યતા આપે છે. વૈશ્વિકસ્તરે, ૧૦૬ દેશોમાં ૩.૩ અબજ લોકો મેલેરિયાના જોખમમાં છે. ૨૦૧૨માં, મેલેરિયાના કારણે અંદાજે ૬૨૭,૦૦૦ મૃત્યુ થયા હતા, જેમાં મોટાભાગે આફ્રિકન બાળકો હતા. એશિયા, લેટિન અમેરિકા અને થોડા અંશે મધ્ય પૂર્વ અને યુરોપના ભાગો પણ પ્રભાવિત છે. રગુલ એ મચ્છરની સૌથી ખતરનાક પ્રજાતિ છે. વિશ્વ મેલેરિયા દિવસ, મેલેરિયાને નિયંત્રિત કરવા અને આખરે નાબૂદ કરવાના વૈશ્વિક પ્રયત્નોની જાગૃતિ વધારવા માટે ૨૫ એપ્રિલના રોજ વાર્ષિક ઉજવણીનું આયોજન કરવામાં આવે છે. વિશ્વ મેલેરિયા દિવસ, જે સૌપ્રથમ ૨૦૦૮ માં યોજાયો હતો, તે આફ્રિકા મેલેરિયા દિવસથી વિકસાવવામાં આવ્યો હતો, જે આફ્રિકન સરકારો દ્વારા ૨૦૦૧ થી મનાવવામાં આવી હતી.વિશ્વ મેલેરિયા દિવસ એ મેલેરિયા નિવારણ અને નિયંત્રણ માટે સતત રોકાણ અને સતત રાજકીય પ્રતિબદ્ધતાની જરૂરિયાતને પ્રકાશિત કરવાનો પ્રસંગ છે. ૨૦૦૭ની વર્લ્ડ હેલ્થ એસેમ્બલી દરમિયાન ઉૐ સભ્ય દેશો દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હતી.૧૯૬૦ ના દાયકાના અંતમાં શહેરી વિસ્તારોમાં મેલેરિયાના કેસોમાં વધારો થવા લાગ્યો, અને મેલેરિયાનો વધારો વ્યાપક હતો. ૧૯૭૬માં પરિણામે, રાષ્ટ્રીય મેલેરિયા નાબૂદી કાર્યક્રમ (NMEP) દ્વારા ૬.૪૫ મિલિયન કેસો નોંધાયા હતા, જે પુનરૂત્થાન પછી સૌથી વધુ હતા.

મેલેરિયાના દર્દીને ચાર દિવસ પહેલાં ખવડાવવામાં આવેલા એનોફિલિન મચ્છરના પેટની પેશીઓનું વિચ્છેદન કરતી વખતે, તેને મેલેરિયા પરોપજીવી મળ્યો અને તેણે મનુષ્યમાં મેલેરિયા પરોપજીવીઓના સંક્રમણમાં એનોફિલિસ મચ્છરની ભૂમિકા સાબિત કરી.વિશ્વ મેલેરિયા દિવસની સ્થાપના મે ૨૦૦૭માં વર્લ્ડ હેલ્થ એસેમ્બલીના ૬૦મા સત્ર દ્વારા કરવામાં આવી હતી, સૌથી તાજેતરના વર્લ્ડ મેલેરિયા રિપોર્ટ અનુસાર, ૨૦૧૫માં મેલેરિયાની વૈશ્વિક સંખ્યા ૪૨૯,૦૦૦ મેલેરિયાના મૃત્યુ અને ૨૧૨ મિલિયન નવા કેસ પર પહોંચી હતી. ૨૦૧૦ અને ૨૦૧૫ ની વચ્ચે વૈશ્વિક સ્તરે મેલેરિયાના નવા કેસોનો દર ૨૧ ટકા ઘટ્યો હતો અને મેલેરિયાના મૃત્યુદરમાં ૨૯ ટકાનો ઘટાડો થયો હતો. સમાન સમયગાળામાં ટકા. સબ-સહારન આફ્રિકામાં, કેસની ઘટનાઓ અને મૃત્યુ દર અનુક્રમે ૨૧ ટકા અને ૩૧ ટકા ઘટ્યા છે

- ડો.જી.આર.ગોહિલ



પ્રજાના પ્રશ્નો કે સંસદની ચર્ચા નથી સાંભળી શકતો, ત્યાં તારી વાત ક્યાંથી સાંભળી શકું !

## જૂનાગઢ જીલ્લા સહકારી બેંકની

# માણાવદર તાલુકાની કોઠારીયા સહકારી મંડળીમાં રૂા. ૫.૩૮ કરોડનું ઉચાપત કૌભાંડ બહાર આવતા ચકચાર

## તાત્કાલીક ૭ કર્મચારી સસ્પેન્ડ : ૧૪ સામે ફરીયાદ

જૂનાગઢ, તા.૨૫

જૂનાગઢ જીલ્લા સહકારી બેંકની માણાવદર તાલુકાની કોઠારીયા સહકારી મંડળીમાં રૂા. ૫.૩૭ કરોડનું હવાલા કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો ઘટસ્ફોટ થતાં જૂનાગઢ જીલ્લા સહકારી બેંક દ્વારા ૧૪ સામે પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવતાં સનસનાટી મચી જવા પામી છે. આ ઉપરાંત આ હવાલા કૌભાંડમાં તાકીદે ૭ કર્મચારીને સસ્પેન્ડ કરી નાંખવામાં આવ્યા છે. અને આ બનાવ અંગે તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

જૂનાગઢ જીલ્લા સહકારી બેંકનાં ચેરમેન કિરીટભાઈ પટેલ દ્વારા જણાવાયું હતું કે ધી જૂનાગઢ જીલ્લા સહકારી બેંક લી.ની કોઠારીયા શાખા, તા. માણાવદરમાં શાખાના ૭ કર્મચારીઓ અને શાખા સાથે જોડાયેલ કોઠારીયા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. ના પ્રમુખ, સંચાલક અને સહમંત્રી અને દગડ સેવા સહકારી મંડળી લી. ના પ્રમુખ અને મંત્રી સામે રૂા. ૫.૩૮ કરોડની ઉચાપત બાબતે ફરીયાદ દાખલ કરવામાં આવી છે. બેંકના કર્મચારી હાર્દિક ખેંગાર જલુ, ઘેલાભાઈ કાનાભાઈ ચાવડા, કાનાભાઈ વીરાભાઈ જલુ, જગદિશભાઈ કરશનભાઈ જલુ, નિતેશ રાજાભાઈ ચાવડા, જયુ જેન્તીભાઈ રાખશીયા અને કરશનભાઈ અરશીભાઈ પાનેરા સામે તથા કોઠારીયા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. ના પ્રમુખ દિલીપભાઈ અરજણભાઈ ચાવડા, સંચાલક મનસુખભાઈ ગોવીંદભાઈ બાલાસરા, અશોક ઘેલા સોલંકી મંત્રી, કેતનભાઈ નાજાભાઈ મરંઢ સહમંત્રી અને દગડ સેવા સહકારી મંડળી લી. ના પ્રમુખ દેવદાનભાઈ જેસીંગભાઈ કાનગડ અને મંત્રી મનસુખભાઈ ગોવીંદભાઈ બાલાસરા સામે ગુનો દાખલ કરવામાં આવેલ છે.

બેંકની કોઠારીયા શાખામાંથી ૨૦૧૯થી તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીમાં બેંકમાં નોકરી કરતા ઉપરોકત ૭ કર્મચારીઓ દ્વારા રૂા. ૫,૩૭,૮૨,૯૮૭ની ઉચાપત અલગ–અલગ સમયે અલગ-અલગ અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ છે. આ કૌભાંડનો મુખ્ય સુત્રધાર હાર્દિક ખેંગાર જલુને ૩ મહિના પહેલા એક અલગ બાબતમાં સસ્પેન્ડ કરવામાં આવેલ હતો. જૂનાગઢ જીલ્લા સહકારી બેંકના ચેરમેન દ્વારા અધિકારીઓ મારફત માહિતી મળતા ૨૦૧૯ થી ચાલતી આ ગેરરીતી બહાર આવેલ છે. જૂનાગઢ જીલ્લા સહકારી બેંકના ડેપ્યુટી મેનેજર ગોરધનભાઈ વાવૈયા દ્વારા પોલીસમાં અરજી કરાતા જૂનાગઢ એલ.સી.બી. દ્વારા ઉપરોકત સાતેય આરોપીઓની બેંકની મુખ્ય કચેરીથી ધરપકડ કરવામાં આવેલ છે. હાલ ઉપરોકત કેસની તપાસ ચાલુ હોય, આ ઉપરાંત માણાવદર તાલુકાની કોઠારીયા બ્રાંચમાં બ્રાંચ સંલગ્ન કોઠારીયા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. અને દગડ સેવા સહકારી મંડળી લી.ના પ્રમુખ અને મંત્રીની પણ તાત્કાલીક ધરપકડ કરવામાં આવેલ છે. આ ઉચાપતમાં આ લોકો પણ સામેલ હોય તેવુ પ્રાથમીક દ્રષ્ટીએ જણાય આવેલ હોય, તેમની પણ બેંકની મુખ્ય કચેરીએથી ધરપકડ કરવામાં આવેલ છે. જૂનાગઢ જીલ્લા સહકારી બેંકના ચેરમેન કિરીટભાઈ પટેલ અને વાઈસ ચેરમેન મનુભાઈ ખુંટી તથા બોર્ડ ઓફ ડીરીકટર્સશ્રીઓ દ્વારા આ બેંકમાં થયેલ ઉચાપત અંગેની કડક કાર્યવાહી કરેલ હોય, અને આવનારા દિવસોમાં આ ગેરરીતીમાં જે કોઈપણ દોષીત હશે તેને પણ આરોપી તરીકે સામેલ કરવામાં આવશે, અને તટસ્થ તપાસ કરવામાં આવશે. માણાવદર તાલુકાની કોઠારીયા શાખામાં થયેલ ઉચાપત અંગે જૂનાગઢ જીલ્લા સહકારી બેંકના તમામ બોર્ડ ઓફ ડીરેકટર્સશ્રીઓએ એક અવાજ સાથે તટસ્થ તપાસ કરવા માટેનો નિર્ણય કરેલ છે, અને ભવિષ્યમાં બેંકના કર્મચારીઓ અને મંડળીના પ્રમુખ, મંત્રીઓ સાથે મળીને આવી ગેરરીતી, ઉચાપત ભવિષ્યમાં ન થાય તે માટેના આકરા નિર્ણયો બોર્ડ ઓફ ડીરેકટર્સથીઓ દ્વારા કરવામાં આવશે. તેમ ચેરમેન કિરીટભાઈ પટેલની યાદીમાં જણાવેલ છે.

## શ્રી સ્વામી નારાયણ મુખ્ય મંદિર જવાહર રોડ જૂનાગઢ ખાતે

# શ્રી રાધારમણ દેવના ૧૯૫માં વાર્ષિક પાટોત્સવની ભવ્ય ઉજવણી થશે

## ૧૯૫ કલાકની અખંડ ધુન, દિવ્ય રાજોપચારપૂજન, ભવ્ય અન્નકુટ, ફલકોટત્સવ, આમ્રોત્સવ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૨૫

જૂનાગઢમાં જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામી નારાયણ મુખ્ય મંદિર ખાતે શ્રી રાધારમણ દેવના ૧૯૫માં વાર્ષિક પાટોત્સવની અનેકવિધ કાર્યક્રમો સાથે ભાવભેર ઉજવણી કરવામાં આવનાર છે તેમજ શ્રીમદ ભાગવત સપ્તાહ પારાયણનું પણ આયોજન કરવામાં આવેલ છે. ભગવાન સ્વામી નારાયણના સ્વહસ્તે પધરાવવામાં આવેલા દેવો બિરાજમાન છે તેવા શ્રી રાધારમણદેવ આદિક દેવોનો ૧૯૫મો વાર્ષિક પાટોત્સવ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી પીઠાધિપતિ પરમ પૂજય ધર્મધુરંધર ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના વરદહસ્તે ધામધુમથી ઉજવાશે. પરમ પૂજય ગુરૂદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના દિવ્ય આર્શીવાદથી, અ.નિ. પરમ પૂજય સદગુરૂ પુરાણી ભકિતપ્રકાશદાસજી સ્વામીની પુણ્ય સ્મૃતિમાં તથા અ.નિ. હરદાસભાઈ કરશનભાઈ બારસિયાની પવિત્ર સ્મૃતિમાં શ્રીમદ ભાગવત કથા તા.૫-૫-૨૦૨૩ થી તા.૧૧-૫-૨૦૨૩ સુધી આયોજન કરેલ છે. જેના વકતાપદે વિદ્વતભૂષણ પરમ પૂજય ગુરૂવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી (એસજીવીપી) બિરાજી કથામૃતનો અલભ્ય લાભ આપશે. પરમ પૂજય કોઠારી શ્રી દેવનંદનદાસજી સ્વામી (ચેરમેનશ્રી) તથા પરમ પૂજય સદગુરૂ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ ૧૯૫માં વાર્ષિક પાટોત્સવ અંતર્ગત તથા પરમ પૂજય સદગુરૂ પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામીના સાંનિધ્યમાં ૧૯૫ કલાકની અખંડધુન, દિવ્ય રાજોપચારપૂજન, ભવ્ય અન્નકુટ, ફલકુટોત્સવ તથા આમ્રોત્સવ, સર્વરોગ નિદાન કેમ્પ, દરિદ્રનારાયણને ચપ્પલ તથા વસ્ત્ર વિતરણ જેવા આધ્યાત્મિક, સામાજીક તથા સેવાકીય આયોજનોના માધ્યમથી શ્રીહરીનો રાજીપો પ્રાપ્ત કરીએ. શ્રી ઠાકોરજીના અભિષેક દર્શન, કથાશ્રવણ, ધર્મકુળ દર્શન તેમજ ધામધામથી પધારતા પુજનીય સંતોના દર્શન-આર્શીવચનનો લાભ પ્રાપ્ત કરવા સપરિવાર મિત્ર મંડળ સહિત પધારવા પૂજયસંતો-સમસ્ત સત્સંગ સમાજ તેમજ શ્રી રાધારમણદેવ વહિવટી સમિતિ-જૂનાગઢ વતી મુખ્ય કોઠારી શા. સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી અને કો. શ્રી પી.પી. સ્વામીએ નિમંત્રણ પાઠવેલ છે તેમ પ્રફુલભાઈ કાપડીયાની એક યાદીમાં જણાવેલ છે.

# બજાર સમિતિ જૂનાગઢના નવા ચેરમેન તરીકે કેવલભાઈ ચોવટીયા, વાઈસ ચેરમેન પ્રવિણભાઈ સોજીત્રાની બીનહરીફ વરણી



જૂનાગઢ,તા.૨૫

બજાર સમિતિ-જૂનાગઢની બીજી ટર્મ માટેની ચુંટણી ગઈકાલે તા.૨૪/૪/૨૦૨૩ને સોમવારના રોજ યોજાતા બજાર સમિતિના ચેરમેન તરીકે ખેડૂત પેનલમાંથી ચુંટાયેલ સભ્યશ્રી કેવલભાઈ ચોવટીયાના નામની દરખાસ્ત જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલએ મુકતા અને સભ્ય હરેશભાઈ ગજેરાએ ટેકો જાહેર કરતા ચેરમેન તરીકે ઉત્સાહી યુવાન કેવલભાઈ હરસુખભાઈ ચોવટીયાની બીનહરીફ વરણી થયેલ છે. તેમજ વાઈસ ચેરમેન પદે સૌરાષ્ટ્ર સીંગદાણા એશોસીયેશન પ્રમુખ તેમજ વેપારી પેનલમાંથી ચુંટાયેલ સભ્ય પ્રવિણભાઈ નારણભાઈ સોજીત્રાની બીનહરીફ વરણી થયેલ છે. ચુંટણી બાદ સૌ સભ્યોએ હર્ષની લાગણી સાથે ચેરમેન તેમજ વાઈસ ચેરમેનને બિરદાવ્યા હતા તેમજ ભવિષ્યમાં માર્કેટીંગ યાર્ડ તેમજ ખેડૂતોના વિકાસ માટે સૌના સહિયારા પ્રયાસથી આગળ વધવાની ખાતરી આપી હતી.

# જૂનાગઢમાં મોબાઈલ ફોનના ચેટ તથા ફોટા વાયરલ કરવાની યુવતીને ધમકી આપતા પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા.૨૫

જૂનાગઢના વંથલી રોડ ઉપર મધુરમ કર્મચારીનગર નજીક રહેતા એક પરિવારની ૧૮ વર્ષની યુવતીએ પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના આરોપી ધરાનગર વિસ્તારમાં રહેતો અનવર સુલેમાન હાલા નામના શખ્સો ફરિયાદીને પ્રેમજાળમાં ફસાવી અને લગ્ન કરવાની લાલચ આપી અને તેની સાથે લઈ ગયેલ અને અમદાવાદ ખાતે લઈ જઈ ફરિયાદી સાથે શારિરીક અડપલા કરી, છેડતી કરી હતી. ફરિયાદીએ શરીર સંબંધ બાંધવાની ના પાડતા ફરિયાદી યુવતી અને તેના પરિવારને મારી નાખવાની ધમકી આપી અને ફરિયાદીના મોબાઈલ ફોનના ચેટ તથા ફોટા વાયરલ કરવાની ધમકી આપી હોવાની ફરિયાદ યુવતીએ નોંધાવતા સી ડીવીઝન પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માંગરોળની સબજેલમાંથી તમાકુ-મોબાઈલ જપ્ત : કેદી વિરૂધ્ધ ગુનો દાખલ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૫

માંગરોળ સબ જેલમાં બંધ કેદીઓએ જેલમાં ચાલતા લોલંલોલ વહિવટના કરેલા આક્ષેપો વાળા વિડીયો સોશ્યલ મિડીયામાં વાયરલ થતાં હડકંપ મચી ગયો હતો. પોલીસે તાત્કાલિક જેલમાં ચેકિંગ હાથ ધરી એક મોબાઈલ અને તમાકુના ૪ પડીકીઓ કબ્જે કરી, કેદી વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો. ત્યારે મોબાઈલ સહિતની પ્રતિબંધિત વસ્તુઓ જેલમાં પહોંચી કઈ રીતે ? તે પણ સવાલ ઉઠયો છે. વાયરલ થયેલા વિડીયોમાં અધિકારી સહિત બે વ્યકિતઓ ઉપર ગંભીર આક્ષેપો કરાયા હતા. એક વિડીયોમાં કાગળ ઉપર ત્રણ અલગ અલગ નંબરો લખેલા દર્શાવાયા હતા. જે પૈકી બે નંબરો ઉપરથી કેદી પાસેથી મોટી રકમ લઈ સગા સંબંધીઓ, મિત્રો સાથે વાતચીત કરાવવામાં આવતી હોવાનું જણાંવાયુ હતું. આ ઉપરાંત અન્ય એક નંબર ઉપરથી દારૂની બોટલ, નોનવેજ મંગાવવામાં આવતું હોવાનો ઉલ્લેખ કરી તમામ નંબરોની કોલ ડિટેઈલ તપાસવામાં આવે તો સત્ય ઉજાગર થાય તેવું કહેવાયું હતું. આ ઉપરાંત જેલમાં તમાકુની પડીકીઓ, સિગારેટના પાકીટો, ચુનાના પાઉચ પણ ઉપલબ્ધ હોવાનું એક વિડીયોમાં દ્રશ્યમાન થતું હતું. પૈસા લઈને આ વ્યવસ્થા કરી આપવામાં આવતી હોવાનો પણ આક્ષેપ કરાયો હતો. એક વિડીયોમાં કેદીઓને આપવામાં આવતા ભોજનની ગુણવત્તા સામે પણ પ્રશ્ન ઉઠાવાયો હતો. વધુમાં જેલની અંદર આવતી વસ્તુઓ ફકત અને ફકત વહિવટથી જ આપવામાં આવતી હોવાના આક્ષેપો કરાયા હતા. વિડીયો વાયરલ થયા બાદ પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું. ડીવાયએસપી દિનેશ કોડીયાતર સહિતના પોલીસ સ્ટાફે જેલમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. કેદીઓને રાખવામાં આવે છે તે ત્રણ બેરેકો ચેક કરવામાં આવી હતી. જે પૈકી બેરેક નં.૨ની બાજુમાં જમીનમાં દાટેલ સિમકાર્ડ વિનાનો સેમસંગ કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ તથા તમાકુની ૪ પડીકી મળી આવ્યા હતા. પોલીસે જેલમાં અનધિકૃત રીતે મોબાઈલ અને તમાકુ ઘુસાડવા બદલ કેશોદના સુતરેજ ગામના હાલ જેલમાં બંધ કેદી જીતુ નાથાભાઈ સુત્રેજા વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ અંડર-૧૯ ડિસ્ટ્રીકટ ટીમની સૌરાષ્ટ્ર ઇન્ટર ડિસ્ટ્રીકટ-૧૯માં સેમી ફાઇનલમાં પ્રવેશ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૨૫

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા આયોજીત યુ-૧૯ ઈન્ટર ડિસ્ટ્રીકટ ટુર્નામેન્ટમાં જૂનાગઢ સીટી અંડર-૧૯ની કચ્છ ભૂજ સામે અંડર -૧૯ ટીમ સામે જૂનાગઢની ૬ વિકેટ સાથે ઐતિહાસિક વિજય થયો છે. જેના જૂનાગઢના કેપ્ટન હરદેવ બાબરીયાએ ખંઢેરી સ્ટેડિયમ રાજકોટ ખાતે ટોસ જીતી બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. જેમાં કચ્છ-ભૂજ પ્રથમ દાવમાં ૩૧૧-૯ વિકેટએ ૨ન કર્યા હતા. જેમાં જૂનાગઢ સીટી તરફથી નવાઝખાન પઠાણએ મહત્વની ૫ વિકેટ ઝડપી હતી. બીજા દાવમાં જૂનાગઢ સીટી આ સ્કોર ૪૮.૪ ઓવરમાં ચેસ કરી ૬ વિકેટ એ જીત મેળવી હતી. જેમાં હરદેવ બાબરીયા ૬૧(૭૪), રિધમ નકુમ ૭૯ રન(૮૪), પરિન શાહ અણનમ ૭૦(૪૮), નવાઝ પઠાણ ૫૬(૩૮) કરી જૂનાગઢ છ વિકેટ એ જીત મેળવી જૂનાગઢ ઈતિહાસમાં સૌ પ્રથમવાર સેમી ફાઈનલમમાં પ્રવેશ કર્યો છે. જે બદલ જૂનાગઢ ક્રિકેટ એસો.ના પ્રમુખ પાર્થ કોટેચા, સેક્રેટરી પાર્થ ધુલેસિયા અને અર્જુન રાડાએ જૂનાગઢની ટીમ અને કોચ ભરતભાઈ બઢને અભિનંદન પાઠવ્યા હતા.

# શીલના મીતી ગામે જાહેરમાં જુગાર રમતા સાત શખ્સોને ઝડપી લેતી પોલીસ

જૂનાગઢ તા.૨૫

શીલ પોલીસ દ્વારા મીતી ગામે જુગાર અંગે દરોડો પાડી સાત શખ્સોને કુલ રૂા.૯૧,૮૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. જયારે ઓઝત નદીના કાંઠે સીમ વિસ્તારમાં આવેલ એક કબ્જા ભોગવટાની વાડીની ઓરડીમાં જુગાર અંગે દરોડો પાડતા કુલ પાંચ શખ્સોને કુલ રૂા. ૧૦૨૭૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા છે.


## મકાન વેચવાનું છે

જૂનાગઢના ભરચક વિસ્તાર દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦ વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ, તમામ ફેસેલીટી વાળુ, તદ્દન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.

મો. ૯૩૭૬૬ ૦૫૫૫૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧

## ૐ નેચર કયોર સેન્ટર

ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બાસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા

: હરેશભાઈ :

મો. ૯૪૨૭૭ ૩૬૬૭૯



Indane
SAFE.RELIABLE.CONVENIENT

દેવ ઈન્ડેન

દુકાન નં. ૯, અમૃત પેલેસ, ગીરીરાજ સોસાયટી મેઈન રોડ, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા



ઠેસિયા મેટરનીટી એન્ડ ગાયનેક સર્જીકલ હોસ્પિટલ

ડો. અતુલ બી. ઠેસિયા

એમ.બી., ડી.જી.ઓ, (ગાયનેક)

પ્રસુતિ, સ્ત્રી રોકગ, વંધ્યત્વના નિષ્ણાંત

ડો. સંગીતાબેન એ. ઠેસિયા

બી.એ.એમ.એસ., એમ.ઈ.ટી.સી.

''બાલાજી એવન્યુ'', બીજા માળે, શુભમ રેસીડેન્સી, મોતીબાગ રોડ, જૂનાગઢ.
ફોન : ૦૨૮૫-૨૬૫૫૩૦૧, ૨૬૫૫૩૦૨
મો. ૯૬૮૭૯ ૩૩૮૧૮

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા

Smiit INTERNATIONAL

સ્મિત ઈન્ટરનેશનલ
એગ્રી કોમોડીટીઝ
ટ્રેડ બ્રોકર્સ

શૈલેષ નથવાણી
મો. +૯૧ ૯૮૨૫૨ ૮૮૯૫૪/ ૯૪૨૮૭ ૦૨૩૪૧
E-Mail : shailesh@smiitint.com

કલ્પેશ હિન્ડોચા
મો.+૯૧ ૯૮૨૫૫ ૦૭૨૬૫ / ૯૬૬૨૪ ૫૯૯૯૯
E-Mail : kalpesh@smiitint.com

સ્મિત નથવાણી
મો. +૯૧ ૭૨૦૨૦ ૨૦૨૨૧
E-Mail: smit@smiitint.com

સ્મિત ઈન્ટરનેશનલ

૪૦૧-૪૦૪,સેવન સીસ કોમ્પ્લેક્ષ, રાધાકૃષ્ણનગર, મોતીબાગ, વંથલી રોડ, જૂનાગઢ -૩૬૨૦૦૧ (ગુજ.) ભારત
+૯૧-૨૮૫-૨૬૭૦૪૬૮ /૨૬૭૦૪૬૯/૨૬૭૦૪૭૦

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.